# SAMAJ AARSI

Published On 18'th Date

(Gujarati Monthly)

# સમાજ આરસી

SHRI ZALAWAD VISHA SHRIMALI STHANAKWASI JAIN SAMAJ - AHMEDABAD

શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ - અમદાવાદ

Cont. Issue : 240 | NOVEMBER - 2024 | Price : Rs. 40/-

Issue : 12 | Vol. : 20





## યદા યદા મુંચતિ વાક્યબાણમ્, તદા તદા જાતિ કુલ પ્રમાણમ



સંસ્કૃત ભાષાનું એક સુંદર સુભાષિત છે કે, યદા યદા મુંચતિ વાક્યબાણમ્, તદા તદા જાતિ કુલ પ્રમાણમ્.

અર્થાત્ : જ્યારે જ્યારે માનવીના મુખમાંથી વાણી નીકળે છે ત્યારે ત્યારે એનું કુળ અને મૂળ બધું જ પરખાઈ જાય છે. માનવીની વાણી જ માનવીની કક્ષા બતાવી દે છે. માણસ શું અને કેવું બોલે છે, એના પર એના સ્વભાવ અને સંસ્કારોનું દર્શન થાય છે.

ઉપરોક્ત સુભાષિતમાં કહેલી વાત સૌએ યાદ રાખવા જેવી છે કે, આપણી વાણી આપણી કક્ષા બતાવી દે છે. આપણે કેવા છીએ એનું દર્પણ વાણી છે. એનો અર્થ એવો થયો કે આપણે સારી વાણી બોલવી હોય તો સારા સંસ્કારો ગ્રહણ કરવા. જીભ પર વિકૃતિ આવશે જ નહીં. મનમાં વિકૃતિ નહીં હોય.

માનવીની વાણી ઉપરથી માનવીનું પાણી મપાય છે. વાણીની ઉત્તમતા મનની ઉત્તમતા પર નિર્ભર છે. આપણે ત્યાં એવી પણ કહેવત છે કે હૈયે હોય એ હોઠે આવે.

એનો અર્થ એવો થયો કે જેના હૈયામાં ફૂટી ફૂટીને અસંસ્કારો ભર્યા છે, અપમાનો અને કડવાશ ભરી છે એ બધી જ એના હોઠેથી વાણી રૂપે પ્રગટ થાય છે. જેના હૈયામાં જે ભાવ રમી રહ્યા હોય એ વાણી રૂપે વહે છે. જીભને ઉલ ઉતારવાની સાથે સાથે મનને પણ ઉલ ઉતારી સાફ રાખવાની જરૂર છે. આપણી વાણી આપણા સંસ્કારોનું દર્શન છે, એ હંમેશાં યાદ રાખવું જોઈએ.

સ્પીડ બ્રેકર...

પુસ્તક વગર જે શીખવા મલે
એનું નામ જ છે જિંદગી.

Navkar Institute



Classroom Coaching
& Online Video Lectures

SINCE 1997

27 YEARS OF SUCCESS IN PROFESSIONAL COACHING

- CA Foundation
- CA Intermediate
- CA Final
- All levels of CS Course
- US CPA, US CMA, UK ACCA

Navkar Public School

- Grade 9 to 12 - GSEB
- Science & Commerce
- English & Gujarati Med.

DOWNLOAD MOBILE APP

GET IT ON Google Play

NDI

079 69000000 (NI) / 63564 22000 (NPS)

www.navkarinstitute.com

HO: 1st Floor, Navkar Institute Capital 2 Building, Vijay Cross Rd, Navrangpura, Ahmedabad 380009
Navkar Public School, Gulbai Tekra Rd, opp. Vasundhara Society, Ambawadi, Ahmedabad 380015

એપોઈન્ટમેન્ટ માટે
**+૯૧ ૬૩૫૪૩ ૧૨૨૫૮**
**૦૭૯૭૯૬ ૯૬૭૬૮**

# પાર્શ્વ ઓર્થોપેડિક & બાળકોની હોસ્પિટલ



**ડૉ. સપન વોરા**
એમ.એસ. ઓર્થો, FIAS.
**કન્સલ્ટન્ટ ઓર્થોપેડિક સર્જન સ્પોર્ટ્સ ઈન્જરી અને આર્થ્રોસ્કોપી સ્પેશિયાલિસ્ટ**

ઘૂંટણ અને ખભા તથા રમતગમતની ઈજાઓ અને આર્થ્રોસ્કોપી નિષ્ણાત

## હાડકા અને સાંધાની કોઈપણ તકલીફ માટે વિશ્વસનીય નિષ્ણાંત

- દરેક પ્રકારના જટિલ ફ્રેક્ચર અને ન જોડાયેલા હાડકાની સારવાર
- આર્થ્રોસ્કોપી સર્જરી: દૂર્બીન દ્વારા ઢીંચણના અને ખભાના સાંધાની નસ (ligament-ACL, PCL etc.) તથા ગાદી (meniscus) ના ઓપરેશન
- ઢીંચણનો સાંધો બદલ્યા વગર ઢીંચણના ઘસારાની સારવાર (HTO)
- જોઈન્ટ રિપ્લેસમેન્ટ: ઢીંચણ (TKR), થાપા (THR) અને ખભા (TSA, RSA) ના સાંધા બદલવાના ઓપરેશન
- સ્પાઈન સર્જરી: મણકા તથા ગાદીની સર્જરી, ગાદીના દુઃખાવા માટે ઈન્જેક્શન



**ડૉ. જૈની કોઠારી વોરા**
એમ. ડી. પિડીયા
(ગોલ્ડ મેડાલીસ્ટ)
**પિડીયાટ્રિક ક્રિટિકલ કેર સ્પેશિયાલિસ્ટ**

બાળરોગ ચિકિત્સક અને નિયોનેટોલોજિસ્ટના નિષ્ણાત સલાહકાર

## બાળકોની દરેક પ્રકાર ની બીમારીઓની સારવારના નિષ્ણાંત

- નવજાત શિશુ (0 days) થી 18 વર્ષના બાળકની દરેક પ્રકારની બીમારીઓનું નિદાન અને સારવાર
- દરેક વયના બાળકો માટે આધુનિક રસીકરણ કેન્દ્ર
- ફોરેન ભણવા જતા વિદ્યાર્થીઓનું રસીકરણ
- નવજાત શિશુમાં ફિડીંગ પ્રોબ્લેમ માટે યોગ્ય માર્ગદર્શન
- ઉંમર પ્રમાણે બાળકનું વજન, હાઈટ અને વિકાસનું પરીક્ષણ અને માર્ગદર્શન
- શારીરીક રીતે નબળા જેવા કે ઓછું વજન અને ઓછી ઉંચાઈ વાળા બાળકો માટે આહાર સંબંધી તબીબી માર્ગદર્શન તથા સારવાર

## સુવિધાઓ

**24x7 તાત્કાલિક સારવાર • અદ્યતન મોડ્યુલર ઓપરેશન થિયેટર • સ્પેશ્યલ, ડીલક્ષ તથા સ્યુટ રૂમ ની સુવિધા**
**ઉત્તમ કક્ષાના ડિજિટલ એક્સ-રેની સુવિધા • 24x7 કાર્યરત મેડિકલ સ્ટોર • બ્લડ કલેક્શન કેન્દ્ર**
**તમામ મેડીક્લેમ અને પોલીસ કેસ સ્વીકાર્ય • IITV ની સુવિધા ઉપલબ્ધ**

સમાજના સભ્યો માટે **50% રાહત** દરે કન્સલટેશન અને ડિજિટલ એક્ષ-રે







205-210, બીજો માળ, શ્રી પાર્શ્વ ઓરીયન, અદાણી સીએનજી પંપની બાજુમાં,
પાલડી ચાર રસ્તા, અમદાવાદ 380007. ગુજરાત
info@parshvahospital.com | www.parshvahospital.com

SINCE 1998

# Gujarat Pathology Laboratory & Diagnostic Center

ગુજરાત પેથોલોજી લેબોરેટરી એન્ડ ડાયગ્નોસ્ટીક સેન્ટર

આપના સાથ અને સહકારથી સફળતા ના 27 માં વર્ષમાં મંગળ પ્રવેશ

**PALDI**

101-102, Span Trade Center, Opp. Kochrab Ashram, Paldi Cross Road,
Paldi, Ahmedabad - 380 006. Ph. : 079-26586480, 26584893
Email : gujaratdiagnostic101@yahoo.in Time : 24 Hours
Visit us : www.gujaratpathlab.com

**Helpline No. : 9054002932, 97121 48978, 8866002931**

## FEVER PROFILE

CBC, ESR,
S.G.P.T.,
RAPID MALARIA,
DENGUE COMBO (Ns1,IGG,IGM),
TYPHIDOT,
URINE ROUTINE MICRO

~~Rs. 3600~~ **Rs. 1250**

## BODY PROFILE

CBC, S.G.P.T.,
FBS, TSH,
LIPID PROFILE, VIT B12
CREATININE,

~~Rs. 2780~~ **Rs. 999**

બોડી પ્રોફાઇલ તથા ડાયાબિટીસ નો રિપોર્ટ કરાવનાર વ્યક્તિએ ૮ થી ૧૦ કલાક ભૂખ્યા હોવું જરૂરી છે.

ડાયાબિટીસના દર્દીએ દર 3 મહિને HBA1C નો રિપોર્ટ અવશ્ય કરાવવો જોઇએ.

નોંધ : ઘરેથી સેમ્પલ કલેક્શન કરવાની સુવિધા ઉપલબ્ધ છે. * Terms & Condition apply

| PALDI | NARANPURA | BOPAL | GOTA | NEW RANIP | SABARMATI | CHANAKYAPURI |
|---|---|---|---|---|---|---|
| Ph. : 079- 26586480<br>26584893<br>Mo. 8866002931 | Ph. : 079-48482151<br>27472151<br>Mo. 9909962251 | Ph. : 02717-402403<br>Mob. : 8866002930 | Ph. : 079 - 48442151<br>Mo. 9909962278 | Mo. 9081677997<br>9081677998 | Ph. : 079 - 46042945<br>Mo. 8866002945 | Mo. 9909962291,<br>9909962258 |

# ARIHANT OPTICS®

Total eye care destination

★"અરીહંત ઓપ્ટિક્સ - ૧૯૯૯થી, નજરનું સાચું નઝરીયું!"★



"YOUR VISION IS OUR MISSION"

**અમે તમારી આંખોને આપીએ છે શ્રેષ્ઠ દેખાવ અને આરામ!**

અરીહંત ઓપ્ટિક્સમાં તમને મળશે આધુનિક ફ્રેમ્સ,
સ્ટાઇલિશ સનગ્લાસ, અને ઉચ્ચ ગુણવત્તાવાળા લેન્સ,
જે તમારા દેખાવને નવો લુક આપશે.

**તમારા દ્રષ્ટિની ભલામણ માટે શ્રેષ્ઠ સ્થાન, જ્યાં મોડર્ન સ્ટાઇલ મળે છે, અનોખા વર્તમાન સાથે!**


Stadium Road, Naranpura, Ahmedabad.
M.: +91 96626 87359

Ghatlodiya, Ahmedabad.
Mo.: +91 98240 77322

"શ્રેષ્ઠ બાળસંભાળ ...એટલે... શૌર્ય હોસ્પિટલ"

શૌર્ય હોસ્પિટલ ®
Since 2003
ડો. કાજલ શાહ
નવજાત શિશુ તથા બાળકોના રોગોના નિષ્ણાત
+91 98257 93601

## શું કેન્સરને રસીકરણથી અટકાવી શકાય છે ?




Dr. KAJAL SHAH is Awarded as Excellence in th field of paediatrics with special attention on HPV Vaccination for Cancer Prevention

**HPVની રસી ક્યારે લઈ શકાય ?**
સ્ત્રીઓ - 9 થી 44 વર્ષ, પુરુષો - 9 થી 26 વર્ષ
Ideal age is 9 to 14 Years
Earlier Is Better

**HPVની રસી ક્યા કેન્સર સામે રક્ષણ આપે છે?**
સ્ત્રીઓમાં ગર્ભાશયના મુખનું, યોનિમાર્ગનું કેન્સર તેમજ પુરુષોમાં શિષ્ન (Penis) અને સ્ત્રીઓ - પુરુષો બન્નેમાં મળમાર્ગ, મોંઢા, ગળાના કન્સર સામે રક્ષણ આપે છે.

SHAURYA HOSPITAL ®
SINCE 2003





KNEE REPLACEMENT

## જોઈન્ટ બદલો, જિંદગી નહી.



HIP REPLACEMENT

Think Joint Replacement, Think SHAURYA HOSPITAL

ડો. જીગર શાહ
સિનિયર ઓર્થો. &જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન
+91 98253 34765

22 વર્ષનો અનુભવ... 20 હજારથી વધુ સફળ સર્જરી

શૌર્ય હોસ્પિટલ, શિવાલીક 5, ઈન્દોર ચાટની ઉપર, મહાલક્ષ્મી ચાર રસ્તા, પાલડી, +91 98251 47300

## અનુક્રમણિકા


૧. સમાજના આગામી કાર્યક્રમોની વિગત ................ ૦૮
૨. તંત્રીની કલમે ................ ૧૨
૩. પ્રમુખસ્થાનેથી ................ ૧૩
૪. સમાજ સમાચાર ................ ૧૫
૫. જન્મદિવસની હાર્દિક શુભેચ્છા ................ ૨૯
૬. લગ્નદિવસની હાર્દિક શુભેચ્છા ................ ૩૦
૭. સુંદરવન ................ ૩૩
૮. પિતાના હાથની છાપ ................ ૩૪
૯. ચિંતા પાછળ અજ્ઞાત ભય રહેલો છે. ................ ૩૫
૧૦. લાઈફ ઈઝ અ ફેસ્ટીવલ ................ ૩૬
૧૧. પગે લાગવાથી ખરેખર શું થાય ?................ ૩૭
૧૨. આપો ખુશીનો ઝટકો, કાપો કર્મનો કટકો ................ ૩૮



**સંપાદક મંડળ**

શ્રીમતી પ્રીતિ એન. શાહ - તંત્રી
ડૉ. નિલેશભાઈ પી. સંઘવી
શ્રી ચેતન આર. શાહ - સહતંત્રી
શ્રી ઉમેશભાઈ એન. દોશી

**મુદ્રક અને પ્રકાશક**

શ્રી અજય એન. દોશી
શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ

**તંત્રી**

શ્રીમતી પ્રીતિ એન. શાહ

**મુદ્રણ સ્થાન**

જય ઓફસેટ (ગુજરાત) પ્રા. લી.
૧૫, પંચરત્ન ઇન્ડ. એસ્ટેટ, સરખેજ બાવળા હાઈવે,
ચાંગોદર, અમદાવાદ-૩૮૨૨૧૩.

**માલિક**

શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ

**પ્રકાશન સ્થળ**

"શાન્તમ્", પાંચમો માળ, હેવમોર રેસ્ટોરન્ટની ગલીમાં, નવરંગપુરા, અમદાવાદ-૯. ફોન : ૦૭૯-૪૯૩૮ ૮૭૮૮ મો. : ૮૨૩૮૦ ૫૫૫૭૫
E-mail : info@szvsjainsamaj.org • Web Site : www.szvsjainsamaj.org



આ માસિક પત્રિકામાં પ્રસિદ્ધ થતાં લેખોમાં દર્શાવેલ વિચારો તથા મંતવ્યો લેખકના પોતાના અને અંગત છે. તે અંગેની સમાજની કે સમાજના હોદ્દેદારોની કોઇ જવાબદારી રહેતી નથી.



**વાર્ષિક લવાજમ**

અન્યને માટે રૂ. ૪૦૦/- • છૂટક ૧ નકલની કિંમત રૂ. ૪૦-૦૦



જેની જીભમાં અમી તેને દુનિયા નમી.
શાહ જયસુખલાલ ધોળાભાઈ (પાળીયાદવાળા)
ગુજરાત મશીનરી કાં.
મુમતાજ મહલ બિલ્ડિંગ, પેટ્રોલ પંપ સામે, ઝકરીયા મસ્જિદ, રિલીફ રોડ, અમદાવાદ.
ડિસ્ટ્રિબ્યુટર્સ : HONDA જનસેટ એન્ડ પંપ સેટ
કન્સ્ટ્રક્શન મશીનરી એન્ડ સ્પેર્સ
ફોન : ૨૨૧૬૯૬૪૨, ૨૨૧૭૦૯૫૪
જયસુખભાઈ ડી. શાહ મો.૯૩૨૭૧૭૫૬૦૦
ધવલ જે. શાહ - મો. : ૯૮૨૪૦૩૭૩૨૦
નેહલ જે. શાહ - મો. : ૯૮૨૫૧ ૭૫૬૦૦

આપણું "મૃત્યુ" નિશ્ચિત છે, પણ સમય નક્કી નથી.
LIC
આપણા સહારે જીવન જીવનારને આપણી ગેરહાજરીમાં પણ સહારો આપીએ સુરક્ષાના પગલે પગલે......
ICICI
લાઇફ ઇન્સ્યુરન્સના તેમજ જનરલ ઇન્સ્યુરન્સના કોઈ પણ કામકાજ માટે
• મ્યુચ્યુઅલ ફંડના વિક્રેતા
નીપા પી. ગાંધી : તૃષ્ણા એચ. ગાંધી
જી-૪૧, હરિઓમ પાર્ક સોસાયટી, જય અંબે નગર રોડ, ધોરા સોસાયટી સામે, થલતેજ, અમદાવાદ - ૩૮૦ ૦૫૪
(રહે.) ૨૬૮૫૨૪૮૫ મો. : ૯૪૨૮૨૯૨૦૮૨
E-mail : hjgandhi@redifmail.com

ભૂપેન્દ્ર વી. શાહ ફોન : ૨૫૩૫૫૯૭૧,૨૫૩૩૦૮૬૬
મો. : ૯૮૭૯૧ ૫૭૪૭૨
૯૭૧૪૧ ૩૫૯૪૦
Maruti
જયશ્રી બાલા હનુમાન સ્ટોર્સ
શ્રી મારુતિ હનુમાન સ્ટોર્સ
SHREE MARUTI HANUMAN STORES
Mfg. Wholeseller in :
નોટબુક, ફૂલસ્કેપ, પરીક્ષા પેપર, એકાઉન્ટ બુક, લેમિનેશન બ્રાઉન પેપર
મહાવીર સ્વામી જૈન મંદિર પાસે, પતાસા પોળનો ઢાળ, ગાંધી રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧.




પોતાના એક પણ દૂષણ વિશે માણસ સભાન ન હોય તે મોટામાં મોટું દૂષણ છે.

**શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ આયોજિત તેમજ મ્યુઝીકલ ઇવેન્ટ ગ્રુપ સંચાલિત**



# સુનહરી શામ સમાજ કે નામ - ૩

**તા. ૨૦-૧૨-૨૦૨૪, શુક્રવાર**

**સમય : રાત્રે ૮-૩૦ થી ૧૧-૩૦ કલાકે સ્થળ : ટાગોર હોલ, પાલડી અમદાવાદ**

સુનહરી શામ સમાજ કે નામ - ૩ ની તૈયારી જોરશોરમાં ચાલી રહી છે. ભાગ લેનાર દરેક ગાયક સભ્ય આ કાર્યક્રમને અવિસ્મરણીય બનાવવા માટે ખંતપૂર્વક પ્રેક્ટીસ કરી રહ્યા છે તથા આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ઇવેન્ટ ગ્રુપના દરેક સભ્યો પણ સખત મહેનત અને કડીબધ્ધ આયોજન કરી રહ્યા છે. પ્રોફેશનલ મ્યુઝીશીયનના માર્ગદર્શન હેઠળ આકાર પામી રહેલા આ પ્રોગ્રામને સફળ બનાવવા માટે આપ સૌનો સહકાર પણ અનિવાર્ય છે. આ કાર્યક્રમના સફળ સંચાલન માટે આપ સૌને વિનંતી છે કે નીચે જણાવેલ સ્પોન્સરશીપ માટે આપ આગળ આવો અને સહકાર આપો..

## : મળેલ સ્પોન્સરશીપની વિગત :

- મેઇન ટાઇટલ સ્પોન્સરર : માતુશ્રી જયોત્સનાબેન છબીલદાસ હકાણી — રુ. ૫૧૦૦૦/-
  હસ્તે.. શ્વેતાબેન ભાવેશભાઇ હકાણી (ધોલેરાવાળા) તથા
  માતુશ્રી ભદ્રાબેન જસવંતલાલ સંઘવી
  હસ્તે..ફોરમબેન અપૂર્વભાઇ સંઘવી (ધોલેરાવાળા)
- શુભેચ્છક પાર્ટનર : શ્રીમતી અંજનાબેન આર. શાહ — રુ. ૧૫૦૦/-

## સુનહરી શામ સમાજ કે નામ - ૩ માટે નીચે મુજબની સ્પોન્સરશીપ – ડોનેશન આવકાર્ય છે.

| નં. | સ્પોન્સરની વિગત | જરુરી દાતાની સંખ્યા | રકમ રુ. |
|---|---|---|---|
| ૧. | પાસ પાર્ટનર | ૨ | ૧૦૦૦૦/- |
| ૨. | વેન્યુ પાર્ટનર | ૨ | ૧૦૦૦૦/- |
| ૩. | સાઉન્ડ પાર્ટનર | ૧ | ૧૫૦૦૦/- |
| ૪. | રીહર્સલ પાર્ટનર | ૧ | ૧૫૦૦૦/- |
| ૫. | એડવર્ટાઇઝ પાર્ટનર | ૨૦ | ૨૫૦૦/- |
| ૬. | શુભેચ્છક પાર્ટનર | ૧૯ | ૧૫૦૦/- |

ગયા કાર્યક્રમમાં આપણા સાધર્મિક સભ્યો પણ આ કાર્યક્રમ તેઓને કોઇ બોજા વગર નિહાળી શકે અને તેઓ આપણામાંના જ છે તે રીતે નિઃશુલ્ક પાસ આપવામાં આવેલ.તે મુજબ આ વર્ષે પણ સાધર્મિક કુટુંબોને પણ ગયા વર્ષની પોલીસી મુજબ પાસ વિતરણ કરવામાં આવનાર છે કાર્યક્રમની વિગત તથા પાસ વિતરણ નીચે મુજબ છે.

- સિંગર : સમાજના માનવંતા સભ્યો
- ઓરકેસ્ટ્રા : હાર્મની ઓરકેસ્ટ્રા
- પાસ વિતરણ : તા. ૮-૧૨-૨૦૨૪, રવિવાર
- સમય : સવારે ૯-૩૦ થી ૨-૦૦ (પાસ પૂર્ણ થાય ત્યાં સુધી)
- સ્થળ : શાન્તમ કોમ્પ્લેક્ષ, પાંચમો માળ, નવરંગપુરા, અમદાવાદ (સમાજ ઓફિસ)
- પાસની કિંમત : રુ. ૨૫૦/- અને રુ. ૧૫૦/-

સમાજ ઉપર આર્થિક બોજો ના આવે તેનું સહુએ ધ્યાન રાખવાનું છે. આર્થિક મદદ કરનાર તમામ દાતાશ્રીઓનો સમાજ આભાર માને છે.

નોંધ : • આ કાર્યક્રમ સમાજના સભ્યો પૂરતો મર્યાદિત છે. ● સભ્યોની સંખ્યાને ધ્યાનમાં લેતાં સભ્યદીઠ વધુમાં વધુ ૨(બે) પાસ આપવામાં આવશે. ● સભ્યોની સંખ્યાને ધ્યાનમાં લેતાં વહેલા તે પહેલાના ધોરણે પાસનું વિતરણ કરવામાં આવશે. ● હોલની સીટોની સંખ્યા મુજબ પાસ વિતરણ પુરુ થતાં તુરત જ વિતરણ બંધ કરવામાં આવશે તેની ખાસ નોંધ લેવી. ● સમાજના મોબાઇલ ઉપરથી દરેક સભ્યને મોકલવામાં આવશે તે OTP લઇને જ સભ્યોએ પાસ લેવા આવવાનું રહેશે. તે સિવાય પાસ મળી શકશે નહી. ● કાર્યક્રમ અંગે સંજોગોવસાત કોઇપણ ફેરફાર કે અન્ય કોઇપણ નિર્ણય લેવાનો હક્ક સમાજને આધિન રહેશે. ● પાસ વિતરણ દરમ્યાન તેમજ કાર્યક્રમ દરમ્યાન સહુનો સહકાર મળી રહેશે તેવી અપેક્ષા.

ઉપરોક્ત જરુરી સ્પોન્સરશીપ માટે ઇવેન્ટ ઇન્ચાર્જ શ્રી મિત્તલભાઇ આર. શાહ (મો) ૯૯૦૯૦ ૩૬૧૭૭ ઉપર વોટસએપ મેસેજ કરવા વિનંતી.

# Jain Academy Education Research Course Promotion Trust

**સહયોગ : શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ**

## પ્રવચન શ્રેણી

## "Applied Jainism in Daily Life"

## "જીવનશૈલી – જૈનીઝમના સિધ્ધાંતો સાથે"

સમાજના પૂર્વ પ્રમુખ શ્રી ઉમેશભાઇ દોશીના નેતૃત્વ હેઠળ આપણે સહુ જૈનીઝમ બેઝીક કોર્ષ, શ્રી તત્વાર્થ સૂત્ર અને અર્વાચીન જૈન શ્રમણરત્નોની શ્રેણી અન્વયે જૈનધર્મના વિવિધ વિષયોનું જ્ઞાન મુંબઇના જૈન વિદ્વાન ડો. શ્રી બિપીનભાઇ દોશી તેમજ અન્ય જૈન વિદ્વાનો પાસેથી મેળવી ચૂક્યા છીએ. જૈનધર્મની ફિલોસોફી તત્વજ્ઞાન જાણીને જૈનધર્મની વિશેષતા, મહત્તા સમજાઇ, પણ આજના આ ભૌતિકવાદી યુગમાં આપણને રોજ બરોજના જીવનમાં જૈનધર્મની નાની નાની પણ મહત્વની વાતો કઇ રીતે જીવનમાં ઉપયોગી છે તેમજ એનું આચરણ દુનિયાને, પર્યાવરણને, અન્ય લોકોને કઇ રીતે લાભકર્તા છે એ સમજાવતી એક શ્રેણી ફરી આપણે વિવિધ વિષયો દ્વારા તેમજ એ વિષયના નિષ્ણાત વિદ્વાનો દ્વારા શરુ કરવા જઇ રહ્યા છીએ. જેમાં રોજબરોજના જીવનમાં અહિંસા, તંદુરસ્ત જીવન માટે આહાર, પ્લાસ્ટિકના ઉપયોગના જોખમો, જૈન ધર્મ...વિ. જેવા અનેક સૂક્ષ્મ છણાવટ કરતાં વિષયો આવરી લેવાયા છે. જો દરેક વ્યક્તિ વિશેષ કરીને યુવા પેઢી જો આમાંથી થોડું પણ આચરણમાં મૂકે તો પર્યાવરણ-પૃથ્વીનું સંરક્ષણ જાળવવામાં મોટો ફાળો આપી શકે છે. જૈન હોવું એ માત્ર બાહ્ય ક્રિયાઓની સાથે સાથે પ્રકૃતિનો પરિમિત ઉપયોગ કરવો એ પણ છે. ભગવાન મહાવીરે ઉપદેશેલા મુખ્ય ઉદ્દેશોને ભુલીને ભૌતિકવાદ તરફ વળી ગયેલા આપણે રોજના જીવનમાં જો જૈન સિધ્ધાંતોનું મહત્વ સમજી નાનું પ્રદાન પણ આપીએ તો પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને વનસ્પતિ આ પાંચ તત્વોને બેલેન્સ કરીને આપણી ભવિષ્યની પેઢીને અમૂલ્ય વારસો આપી શકીએ....

### : વિષયો :

- અહિંસા
- સંગીત અને માનસિક સુખાકારી
- નૈતિક ઉપભોક્તાવાદ
- ડીજીટલ ડિટોક્સ દ્વારા માનસિક અને ભાવનાત્મક સુખાકારી
- પ્લાસ્ટિક એક જોખમી પ્રેમ
- જૈનધર્મ અને આબોહવા પરિવર્તન
- પાણી છે તો જીવન છે.
- તંદુરસ્ત જીવન માટે ખોરાક
- ક્રુરતા વિના સુંદરતા
- શાકાહાર (વીગન)

**તો આવો જૈનીઝમના સિધ્ધાંતો સાથેની જીવનશૈલી અપનાવીએ...**

### પ્રવચનશ્રેણીની વિગત (કુલ ૧૦ પ્રવચન)

**પ્રારંભ : તા. ૨૯-૧૧-૨૦૨૪, શુક્રવારથી (ઓનલાઇન - નિઃશુલ્ક) ● સમય : રાત્રે ૮-૧૫ થી ૯-૪૫ કલાકે પ્રથમ પ્રવચન**

**પ્રથમ પ્રવચન : વિષય : અહિંસા ● વક્તા : ડો. શ્રી બિપીનભાઇ દોશી**

**● અન્ય પ્રવચનની તારીખો : તા. ૬-૧૨-૨૦૨૪, તા.૧૩-૧૨-૨૦૨૪, તા.૨૦-૧૨-૨૦૨૪, તા.૨૭-૧૨-૨૦૨૪ તા.૩-૧-૨૦૨૫, તા.૧૦-૧-૨૦૨૫, તા.૧૭-૧-૨૦૨૫, તા.૨૪-૧-૨૦૨૫, તા.૩૧-૧-૨૦૨૫**

ઉપરોક્ત તારીખોએ આ શ્રેણીના અન્ય વિષય ઉપરના પ્રવચનો જે તે વિષયના નિષ્ણાતો દ્વારા રજૂ થશે. તેની વિગત રજિસ્ટર થયેલા ગ્રુપમાં દર સપ્તાહે મુકવામાં આવશે. સમાજના વોટ્સઅપ ગ્રુપમાં લીંક દ્વારા ડાયરેકટ રજિસ્ટ્રેશન કરી શકશો. આ અંગે રજિસ્ટ્રેશન માટેની લીંક મેસેજ દ્વારા સમાજના તથા જૈનીઝમના અન્ય ગ્રુપોમાં મુકવામાં આવશે. વ્યવસ્થાના ભાગરુપે રજિસ્ટ્રેશન કરાવવું જરુરી છે.

JAERC-PT
ડો. શ્રી બિપીનભાઇ દોશી (ટ્રસ્ટીશ્રી)

JAERC-PT
શ્રી ઉમેશભાઇ દોશી (કન્વીનર) - અમદાવાદ ગ્રુપ

: સંચાલન :
શ્રીમતી જાગૃતિબેન ઘીવાલા
સહાયક : શ્રીમતી પ્રીતિબેન શાહ - શ્રીમતી હિનાબેન શાહ

: ટેકનિકલ કો-ઓર્ડિનેટર ટીમ :
શ્રી ચિરાગભાઇ વોરા - શ્રીમતી વિધિબેન વોરા
આગમ સંઘવી – પરીન સંઘવી - પ્રથમ દોશી



આલોક કરતાં પરલોક ઘણો લાંબો છે, ત્યાં ઘણું મેળવવા અહીં થોડું છોડવાની તૈયારી રાખવી જ પડશે.

## શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ આયોજીત તેમજ ZPL ઇવેન્ટ ગ્રુપ સંચાલિત ક્રિકેટ ટુર્નામેન્ટ - ૨૦૨૫ - (ZPL -9)

## " એટલાસ કપ"

: મુખ્ય સ્પોન્સરર :

**શ્રીમતી હસુમતીબેન કાંતિલાલ શાહ (વીરસદવાળા) હસ્તે.. શ્રી ભાવેશભાઇ કાંતિલાલ શાહ**

### ZPL Women's Box Cricket Tournament - 2

તા. ૨૯-૧૨-૨૦૨૪, રવિવાર

આપણા સમાજના પરિવારની લેડિઝ, દિકરીઓ જો તેઓને રમવાની ઈચ્છા હોય તો સમાજના વોટ્સઅપ ગ્રુપમાં આપેલ લીંકમાં રૂા. ૩૦૦/- (નોન રીફંડેબલ) ભરી રજિસ્ટ્રેશન તા. ૨૨-૧૧-૨૦૨૪ સુધીમાં કરાવવાનું રહેશે. અથવા ઓફલાઈન ફોર્મ ઉપરોક્ત તારીખ સુધીમાં સમાજની ઓફિસે જમા કરાવવાનું રહેશે.

### ZPL -9 નીચે મુજબની સ્પોન્સરશીપ આવકાર્ય છે.

| નં. | સ્પોન્સરશીપની વિગત | જરુરી સંખ્યા | રકમ રુ. |
|---|---|---|---|
| ૧. | જમણવારના દાતા | ૧ | રુ. ૩૧,૦૦૦/- |
| ૨. | ZPL Women's ટીમ ઓનરશીપ (વધુમાં વધુ ૨ વ્યક્તિ જોઇન્ટમાં લઈ શકે છે.) (૮ થી વધુ નામ આવશે તો ડ્રો કરવામાં આવશે.) | ૫ | રુ. ૩,૦૦૦/ |
| ૩. | ZPL Women's રીફ્રેશમેન્ટ પાર્ટનર | ૪ | રુ. ૨,૫૦૦/- |
| ૪. | ZPL રીફ્રેશમેન્ટ પાર્ટનર (પ્રતિ દિવસ) જોઇન્ટમાં નામ લખાવી શકાય છે.) | ૫ | રુ. ૫,૦૦૦/- |
| ૫. | ZPL જુનિયર કો-સ્પોન્સર | ૧ | રુ. ૮,૦૦૦/- |
| ૬. | ZPL જુનિયર પ્રાઇઝ ડીસ્ટ્રીબ્યુશન પાર્ટનર | ૧ | રુ. ૭,૫૦૦/- |

ઉપરોક્ત જરુરી સ્પોન્સરશીપ માટે શ્રી અંકિતભાઇ સંઘવી (મો.) ૯૮૨૪૩ ૨૪૪૭૭ ઉપર વોટસએપ મેસેજ કરવાનો રહેશે.

## શ્રદ્ધાંજલિ

૧. મુ. વઢવાણ હા. અમદાવાદ શ્રી રમેશભાઇ તથા સ્વ. હસમુખભાઇના ભાઇશ્રી તથા શ્રી હર્ષ તથા સિધ્ધીના પિતાશ્રી નરેન્દ્રભાઇ કાંતિલાલ દોશી તા. ૦૪-૧૧-૨૦૨૪ ના રોજ અરિહંતશરણ થયેલ છે.

સમાજ તેઓના દુઃખદ અવસાનથી દુઃખની લાગણી અનુભવે છે. પ્રભુ તેઓના આત્માને શાંતિ અર્પે..

Kalpesh
9426412677
9377712677
Yash
9664596441
Alkeshkumar Kalpeshkumar
અલ્કેશકુમાર કલ્પેશકુમાર
કાપડના વહેપારી
૧૭, સરકીવાડની પોળ, સારંગપુર દરવાજા પાસે, અમદાવાદ - ૩૮૦ ૦૦૧.
હરજીવનદાસ કસળચંદ શાહ
(પાળીયાદવાળા)
Alkesh M. : 9898380396

(Gandhi & Sons. Excise Consultant)
OJAS SALES
SHARDA INDUSTRIES
MANANSIDDH ENTERPRISE
Dealing in Dyes - Intermediates, E.T.P. Chemicals, Other Chemicals
YASHVI CORPORATION • YASHVI PAPER TECH
393/A, Phase-II, Beside Krupa Chemicals, G.I.D.C. Vatva. Ph. : (O) 25830017
Fax : 25832218 (M) 98250 63061
DARSHAN GANDHI (M) 98986 60003
સૌજન્ય : કાંતિલાલ આણંદજી ગાંધી

લેટેસ્ટ ટેકનિકથી કાનની બુટ ચોંટાડવા
• સ્ટીચલેસ (ટાંકા વગર) • પેઇનલેસ • નહીં પટ્ટી, નહીં ડ્રેસિંગ • માત્ર એક સીટિંગમાં • માત્ર ૧૫ મિનિટમાં જ.. તરત જ બુટ્ટી પહેરાવવામાં આવે છે.
ક્લિનિક : ડૉ. શ્રુતિ જે. કોઠારી M.B.B.S.
ફેમિલી ફિઝિશિયન મો. : ૭૩૮૩૬૬૩૩૬૬
સોમ થી શનિ તા. ૧૦-૦૦ થી ૧૨-૩૦ સાંજે ૫-૩૦ થી ૮-૦૦
ગ્રાઉન્ડ ફ્લોર, અર્શ કોમ્પલેક્ષ, પ્રેરણાતીર્થ દેરાસર રોડ, જોધપુર, સેટેલાઇટ, અમદાવાદ - ૩૮૦ ૦૧૫.
અન્ય સવલતો : રસી કેન્દ્ર, ગાયનેક તપાસ, ડાયટરી ક્લિનિક, સ્ટરિલાઇઝડ પેઇનલેસ ટેકનીકથી નાક-કાન વિંધાવવા, બેલી પિયરસીંગ, ફેમિલી ફિઝિશિયન, LIC પેનલ ડૉક્ટર



ચારિત્ર્ય એક એવો હીરો છે કે જે દરેક બીજા પથરાને ઘસી નાંખે છે.

# શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ દ્વારા આયોજિત

## ૧૪મી સ્વૈચ્છિક રક્તદાન શિબિર

સમાજ તરફથી છેલ્લા તેર વર્ષથી રક્તદાન શિબિરનું સફળતાપૂર્વક આયોજન થઈ રહેલ છે. આ વર્ષે તા. ૨૬મી જાન્યુઆરી, ૨૦૨૫ રવિવારે રક્તદાન શિબિર યોજવામાં આવેલ છે, જેમાં સમાજના દરેક સભ્યોને શિબિર સફળ બનાવવા નમ્ર અપીલ છે.

શિબિર અંગેની વિગતવાર માહિતી નીચે મુજબ છે. દરેક રક્તદાતાને આ ઉમદા કાર્યની યાદગીરીરૂપે એક પ્રતિક ભેટ સમાજ તરફથી આપવામાં આવશે.

**તા. ૨૬-૦૧-૨૦૨૫, રવિવાર ● સમય : સવારે ૮-૩૦ થી બપોરે ૧-૦૦ કલાક સુધી**

**॥ આર્થિક સૌજન્ય ॥**
**માતુશ્રી કેવળીબેન ચંદુલાલ અબજીભાઈ શાહ (ટુવાવાળા)ના સ્મરણાર્થે....**
**હ. સુશીલાબેન અશ્વિનભાઈ શાહ**

**વધુ વિગત આવતા અંકમાં આપવામાં આવશે.**
**રક્તદાન શિબિરનું આયોજન સરકારશ્રીના નિયમોને અને ફેરફારને આધીન રહેશે.**

## કોણ રક્તદાન કરી શકે ?

- બધા દાનોમાં છે મહાન દાન રક્તદાન
- ૧૮ થી ૬૫ વર્ષ સુધીની કોઈપણ વ્યક્તિ, નિરોગી વ્યક્તિ જેનું હિમોલગ્લોબીન ૧૨.૫ થી વધારે અને ૪૫ કિલોથી વધુ વજન ધરાવતા હોય તે રક્તદાન કરી શકે છે.
- દર ત્રણ મહિને લોહી આપી શકાય.
- રક્ત કોના માટે વપરાય છે ? ....... લોહીની જરૂરીયાત ક્યારે પડે ?....અકસ્માતમાં.. ખાસ કરીને રસ્તા ઉપરના અકસ્માતો, ઘરના અકસ્માતો.. ખાસ કરીને દાઝવાના જેમાં મોટે ભાગે મહિલાઓ ભોગ બને છે. વ્યક્તિનું વજન પીસ્તાળીસ કિલોગ્રામથી વધારે હોવું જોઈએ.
- સુવાવડ વખતે કોઈ વખત બહુ લોહી વહી જાય ત્યારે, નાના મોટા ઓપરેશન વખતે, કીડની ટ્રાન્સપ્લાન્ટ વખતે કે ડાયાલીસીસ વખતે
- હૃદય ઉપરના ઓપરેશનમાં - વાલ્વ બદલવાનો હોય કે લોહીની નળી બંધ થઈ ગઈ હોય ત્યારે
- કેન્સરના દર્દીઓ માટે કે લોહીના કેન્સર - લ્યુકેમિયાના દર્દી માટે
- થેલેસેમીયાના દર્દી માટે કાયમી અને નિયમીત મોટા પ્રમાણમાં રક્તદાનની જરૂર પડે છે.
- જો રક્તદાનથી કોઈ નુકશાન ન હોય અને દર્દીને ફાયદો થતો હોય તો..ચાલો આપણે સહુ રક્તદાન કરીએ અને શેરદિલ રક્તદાતા બનીએ.
- રક્તદાનથી રક્તદાતાને પણ ફાયદો તો છે જ. તેના શરીરની દર વખતે તપાસ થાય અને તેને તંદુરસ્તીનું પ્રમાણ મળે.
- ચાલો રક્તદાન કરીએ અને માનવજીવન બચાવવાનો લ્હાવો લઈએ.
- રક્તદાન દેશ સેવાનું પ્રતિક (ભેટ) છે. તે માનવસેવાનો લાભ છે દરેક ધર્મનો આદેશ છે અને પોતાની તંદુરસ્તી વહેંચવાનો આનંદ છે.

**જે પણ રક્તદાતા રક્તદાન કરવા માંગતા હોય તો સમાજની ઓફિસે**
**ફોન નં. ૦૭૯-૪૯૩૮ ૮૭૮૮ તથા મો. નં. ૮૨૩૮૦૫૫૫૭૫ ઉપર રજિસ્ટ્રેશન કરાવવા વિનંતી છે.**

## તંત્રીની કલમે

- પ્રીતિ એન. શાહ

નવા વર્ષે એક રીલ જોવામાં આવી. એક જાણીતા બિલ્ડરને કોઈએ પ્રશ્ન કર્યો કે ૨૦૫૦માં દુનિયા કેવી હશે ? એમણે કહ્યું, “એક બિલ્ડીંગમાંથી બીજા બિલ્ડીંગમાં જવા એર ટ્રાન્સપોર્ટ હશે અને બિલ્ડીંગની નીચે જ ઝોમેટો, સ્વીગી હશે કે કોઈના ઘરમાં રસોઈ નહીં થતી હોય.” આ સિવાય AI અને ટેકનોલોજીનો વ્યાપ પણ એટલો બધો હશે કે એક યંત્ર માનવ જેવી દુનિયા થઈ ગઈ હશે. અથવા તો એવો સમય પણ આવી શકે છે કે લોકો ફરી ગામડા તરફ એટલે કે પ્રકૃતિ તરફ વળવાની ઈચ્છા ધરાવશે. લગભગ એક વર્ષ પહેલા મેં ડીજીટલ એરેસ્ટ વિશે લેખ લખેલો, શા માટે લોકો ઓનલાઈન પોલીસને સાચી માને છે ? નવા વર્ષે પોલીસખાતુ, સરકાર અને ખાસ કરીને લોકો સાવધાની રાખે એ ખાસ જરૂરી છે તેમાં પણ ખાસ કરીને યુવા વર્ગ...

આપ સહુમાંથી ઘણાએ “થ્રી ઈડિયટ્સ” જોયું હશે. જેમાં આમીરખાને એવું દર્શાવવાનો પ્રયત્ન કર્યો હતો કે હું કે જેનું કૌશલ્ય જે વિષયમાં છે તેમાં પ્રવીણ થવું, ખરી કેળવણી એ જ છે. બાકી ડીગ્રીઓ કે ક્લાસમાં મળતું શિક્ષણ ખરેખર તો મશીનો તૈયાર કરે છે. ડીગ્રીના આધારે સારી નોકરી મળે કે ઉચ્ચ અભ્યાસ માટે પણ સારી ટકાવારીની જરૂર પડે એવું આપણું માનવું છે એ પણ એક વાસ્તવિકતા છે જ આમીરખાનનું આ પાત્ર વાસ્તવમાં જેમના પરથી દર્શાવવામાં આવ્યું હતું એવા શ્રી સોનમ વાંગચૂક “કૌન બનેગા કરોડપતિ”ની હોટસીટના મહેમાન બની ગયેલ છે. આપ સહુમાંથી જેણે આ એપિસોડ જોયો ન હોય એમને યુ ટ્યુબ પર જોવાની ભલામણ કરું છું . ૫૫ વર્ષના શ્રી વાંગચૂક લડાખી એન્જીનીયર હોવાની સાથે સાથે એક નવપ્રવર્તક, કેળવણી સુધારક પણ છે.

એમણે લદાખમાં SECMOL (Students Educational and Cultural Movement of Ladakh) નામની સંસ્થા સ્થાપી. જે વિદ્યાર્થીઓ બીબાઢાળ શિક્ષણથી કંટાળી ગયા હોય અને સફળ ન થઇ શકતા હોય એવા વિદ્યાર્થીઓ માટે ખાસ એમને આવી એક સંસ્થાની સ્થાપના કરી.આવા વિદ્યાર્થીઓ અહીંથી ખરી કેળવણી લઈને ઉચ્ચ સ્થાનો પર પણ પહોચી શક્યા છે. આ સંસ્થાનું તમામ કામકાજ આટલી કડકડતી ઠંડીમાં પણ ઉર્જાથી ચાલે છે. એમની સંસ્થામાં માટીના બનેલા મકાનો આ સૌર ઉર્જાને લીધે હુફાળા રહે છે. ૯ વર્ષની ઉમર સુધી ગામમાં સ્કૂલ ન હોવાથી ભણવા ન જઈ શકેલ શ્રી સોનમ વાંગચુકે આઈસસ્તુપ (stupa) નામના આર્ટીફીશ્યલ ગ્લેશિયર બનાવ્યા જેમાં મોટા સ્તુપના સ્વરૂપમાં ઝરણાઓના નકામા જતા પાણીનો સંગ્રહ થાય અને જયારે ખેડૂતોને જયારે ખરેખર પાણીની જરૂર હોય ત્યારે ગરમીના લીધે આ બરફ પીગળીને એક સ્તુપમાંથી લગભગ ૧૫૦૦૦ લીટર જેટલું પાણી મળી રહે. આટલા નાના લેખમાં એમની આ બધી વાત વિસ્તૃત રૂપે લખી શકાય એમ નથી પણ કહેવાનો અર્થ એ છે કે ખરી કેળવણી ક્લાસ રૂમ કરતા વધુ પ્રેક્ટિકલ સ્વરૂપે છે. IIT તેમજ અનેક નામચીન સંસ્થાઓમાંથી વિદ્યાર્થીઓ ત્યાં ટ્રેઈનીંગ લેવા આવે છે.

આપણા અત્યારના માતાપિતાએ ખરેખર સમજવા જેવી વાત છે. આજનું બાળક મોબાઈલનાં મોરને ચકલીને અને બિલાડીને વધુ ઓળખે છે. બહુ બહુ તો ‘ઝૂ’ માં પુરાયેલા પશુ પક્ષીઓને ઓળખે છે. સાતતાળી, ખો ખો, કે થપ્પોની રમતોનું સ્થાન મોબાઈલ અને આઈ પેડે લઇ લીધું છે. સીનીયર ચ જુનિયર કેજીના બાળકોને ન આવડે એવા પ્રોજેક્ટ બનાવવા અપાય જે તેમના પેરન્ટસ બનાવે. દર અને બારમું ધોરણનાં ભયે બધાને ભારેખમ બનાવી દીધા છે. એક્ઝામ, રીઝલ્ટ અને એડમિશન સુધીનાં ગાળાએ વિદ્યાર્થીજ નહિ સમગ્ર કુટુંબની ઊંઘ છીનવી લીધી છે. એક સંશોધન મુજબ ભારત યુવાવયના વિદ્યાર્થીઓના આપઘાતનાં દરમાં સૌથી અગ્રેસર છે. દર એક કલાકે એક વિદ્યાર્થી આપઘાત કરે છે. ભણતરનો ભાર એટલો બધો કે આટલી નાની ઉંમરમાં જીવન ટુંકાવવાનું મન થા આજકાલ ડીપ્રેશન પણ એટલી મોટી સમસ્યા છે. ક્યાંક દરેક માતા પિતાએ વિચારવા જેવી બાબત આપણે બહુ દેખાદેખી કે હરિફાઈમાં આપણા બાળકને રેસનો ઘોડો તો નથી બનાવી દીધોને ? આશા રાખીએ ભવિષ્યની પેઢી માટે કોઈ એક નવપ્રવર્તક આગળ આવે અને ભાર વિનાના ભણતરની શરૂ થાય. નવા વર્ષની શરૂઆતમાંજ આટલા ભારેખમ વિષય પર પર વાત કરી, પણ આપ સહુ સમાજના સભ્યોનું નવું વર્ષ ખુબ શુભ નીવડે એ જ અભ્યર્થના..

યુવા કવિ શ્રી અનિલ ચાવડાની પંક્તિઓ સાથે લેખને વિરામ આપીએ, સહુની ભીતર પડ્યો હોય છે એક ચમકતો હીરો, ચાલો શોધીએ ભીતર જઈને ખુદની તેજ લકીરો.

ભીતર ભર્યું જ છે અજવાળું, ના ઝળહળીએ કેમ ?
આ વખતે તો સ્વયં પ્રગટીએ ચલો દીવાની જેમ...

M. : 8141199064 priti_narendra@yahoo.co.in



બે માણસો વચ્ચેનું ઓછામાં ઓછું અંતર એટલે હાસ્ય

# પ્રમુખસ્થાનેથી



ડૉ. નિલેશ પ્રવિણચંદ્ર સંઘવી

## સાવધાની હટી દુર્ઘટના ઘટી

દિવાળીના તહેવારો પુરા થયા સૌ કોઇએ ઉલ્લાસથી તેને મનાવ્યા. નવા વર્ષની સૌને શુભેચ્છા. નવું વર્ષ જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ, શાંતિ ને સૌમ્યતા પ્રદાન કરે તેવી શુભકામના.

“સાવધાની હટી દુર્ઘટના ઘટી” આવું બોર્ડ હાઇવે પર આપણે પહેલાના સમયમાં ખૂબ જ જોયા છે અને વાહન ચલાવતી વખતે ડ્રાઇવરો સભાન બને ને અકસ્માતો ઘટે તે ઉદ્દેશ્ય હતો. પરંતુ હું એને જુદા સંદર્ભમાં કહેવા માંગુ છું અને આ સંદર્ભ છે સાઇબર ક્રાઇમ ને ખાસ કરીને તે દ્વારા આર્થિક ઉચાપતના વધતા જતા ચિંતાજનક ગુનાઓના પ્રમાણ અંગે. ઇન્ફોર્મેશન અને ટેકનોલોજીના યુગમાં ઇન્ટરનેટના પ્રવેશ પછી સાઇબર સ્પેસ એક નવી દુનિયા બની છે. જેના ફાયદા અને ગેરફાયદા બંન્ને છે. પરંતુ છેલ્લાં કેટલાંક વર્ષોથી ડીજીટલ પેમેન્ટની સુવિધા વધવાની સાથે આર્થિક છેતરપીંડીના સાઇબર ક્રાઇમની સંખ્યામાં તોતિંગ વધારો થયો છે ને તેના વ્યાપમાંથી કોઇ વ્યક્તિ, સંસ્થા, કંપની કે દેશ બચી શકેલ નથી ને તેના માટે આવા નાના લેખ, સેમિનારો, અવેરનેસ પ્રોગ્રામ, પ્રવચનો વારંવાર રાખવા જોઇએ કેમ કે આવા ગુનાઓમાં ઉત્તરોત્તર વધારો જ જોવા મળ્યો છે ને ગુના આચરનારાઓએ પ્રાસંગિક નીતનવી રીતો પણ અજમાવી છે. મોબાઇલ, લેપટોપ, આઇપેડ, કોમ્પ્યુટરના વપરાશ વગર જ્યારે જીવન શક્ય નથી તેવા સંજોગોમાં આવા ગુનાઓ રોકવા માટે બે મુખ્ય વાત કહેવા માંગું છું.

પહેલું તો એ કહેવાનું કે નવી ટેકનોલોજી તથા તેના સાધનો વસાવતા પહેલાં તેનો મુખ્ય કેવો ને કેટલો ઉપયોગ કરવો છે તે નિર્ધારીત કરવું જોઇએ. ફક્ત દેખાદેખી માટે સાધનો વસાવવા ને પછી બીનજરૂરી ઉપયોગ કરવા જતાં આડી અવળી સ્વીચો દબાઇ જાય ને પછી તેની આડઅસરો ગમે ત્યારે આવી શકે છે તે સમજવું ખૂબ જ જરુરી છે. દરેક સાધનની ઉપયોગીતા અને આપણા ઉપયોગની જરુરિયાત મુજબ સાધનની વ્યવસ્થાને પુરેપુરુ સમજી લેવું જરુરી છે. હવે દરેક સાધનોમાં સાઇબર ક્રાઇમ રોકી શકાય તેવી વ્યવસ્થાઓ હોય છે તે નિષ્ણાતો પાસેથી સમજીને આપણા સાધનોમાં તે ચોકસાઇથી મૂકવી. વળી જ્યારે તમે આવું નવું કોઇપણ સાધન ખરીદો ત્યારે તેનો ઉપયોગ શરુ કરો તે પહેલા સીક્યુરીટી-પ્રાઇવેસી અંગેની જેટલી સારી વ્યવસ્થા તેમાં હોય તેને ગોઠવો. જરુર પડે નિષ્ણાત-અનુભવીઓની સલાહ લેવી ને તે પ્રમાણે સાધનોમાં સેટીંગ થાય પછી જ તે સાધનોનો વપરાશ ચાલુ કરવો. એટલું યાદ રાખજો અત્યારે આવા ઇલેક્ટ્રોનીક સાધનો ઇન્ટરનેટના માધ્યમથી એવી રીતે ગૂંથાયેલા છે કે આપણી તમામ ગતિવિધીઓ અને આર્થિક વ્યવહારો નિષ્ણાત હેકર્સ અને સાઇબર ક્રાઇમ કરનારની નજરમાં ગમે ત્યારે આવી શકો છો ને તેના ભોગ બની શકો છે એટલે જ કહ્યુ કે “સાવધાની હટી દુર્ઘટના ઘટી”.

બીજી વાત એ કે આપણે સૌ પદ, પ્રતિષ્ઠા ને પૈસાના નાના કે મોટા લોભ ધરાવીએ જ છીએ અને સાઇબર ક્રાઇમ કરનાર કે જે તમારા માટે અદ્રશ્ય છે ને અનુપસ્થિત જ રહે છે તેમ છતાં તમારી વૃત્તિને તમારી ગતિવિધીને વિચારીને સમજીને નીતનવી પ્રલોભન આપતી છેતરપીંડી વાળી Link, Message, Call, E-Mail કરીને તમને સપડાવવા માટે હરહંમેશ પ્રયત્નો કરતો રહે છે ને રહેવાના છે એટલે આપણે સૌ આપણી લોભની વૃત્તિને યેનકેન પ્રકારે (જૈન ધર્મના સિધ્ધાંતોને અમલમાં મુકવા એ શ્રેષ્ઠ) કાબુમાં રાખશો તો આવી છેતરપીંડીઓથી સહેલાઇથી બચી શકાશે ને પછી તો તમે આવતી છેતરપીંડીઓની નીતનવી રીતોને આસાનીથી ઓળખી જશો. ટૂંકમાં તમારા મનની નબળાઇને સાઇબર ક્રાઇમ કરનાર ગુનેગાર સહેલાઇથી સમજી લેશે તો તમે તેના ભોગ બન્યા વગર રહેશો નહિં. તેથી તમારા મનની નબળાઇને ઓળખવી જરુરી છે ને મનમાંથી લોભની સૂક્ષ્મમાં સૂક્ષ્મ ભાવને ઓળખીને તેનાથી દૂર રહેતા શીખવું એ જ ખરી સાવચેતી કહેવાય. ને તેના થકી જીવનમાં ચોક્કસ સંતોષ ને શાંતિનો અહેસાસ થાય. ભૌતિક ઉપભોગતાના સમયમાં ભલભલા જ્ઞાનીઓ તણાઇ જાય છે તેવા સંજોગોમાં મનની વૃત્તિઓ પર કાબૂ રાખવાથી જીવન સરળ અને સુખમય બને છે તેની ખાત્રી રાખજો.

ઇલેક્ટ્રોનિક સાધનોના વધુ પડતાં વપરાશથી માણસનું વર્તન અને વિચારોમાં ખૂબ જ પરિવર્તન આવે છે તે સરાકાત્મક અને નકારાત્મક હોઇ શકે એટલે આપણે જ્યારે નકારાત્મક વિચાર કે વર્તન શરુ થતું જણાય તો તુરંત રોકવું જોઇએ અને એટલી સભાનતા રાખવી ને તો જ આવા સાધનોના ઉપયોગ કરવો તેવી સલાહ છે. નહી તો જો નકારાત્મક અસર મન પર શરુ થશે તો માનસિક રોગોના શિકાર બનતાં વાર લાગશે નહીં. ખાસ કરીને વર્તમાન સમયમાં જ્યારે સંયુક્ત કુટુમ્બ વ્યવસ્થા તૂટતી જાય છે ને માણસ એકલવાયો થતો જાય છે તેવા સંજોગોમાં આવા સાધનોનો વપરાશ પણ વધી રહ્યો છે એકલતા ટાળવા ને તેની આડઅસરો પણ સાથે ને સાથે આવતી જાય છે. ટૂંકમાં આ એક પ્રકારનું વ્યસન જ કહી શકાય જો તે જરુરિયાત સિવાય વપરાતુ હોય તો.

સાઇબર ક્રાઇમના અસંખ્ય પ્રકારો છે અને તેને અહીં વર્ણવું મુશ્કેલ છે પરંતુ સૌ કોઇ અલગ અલગ સ્વરુપે જાણે તો છે અને તેનો વ્યાપ વધતો જાય છે ને જશે તે પણ સૌ કોઇ જાણે છે. તેને રોકાવા મુશ્કેલ છે અને કેટલાય ગુનાઓ તો નોંધાતા પણ નથી ને ખબર પણ ઘણી મોડી પડે છે. “Prevention is better than cure”



બીજાની ભૂલ માફ કરવી સહેલી છે પરંતુ આપણી ભૂલ કાઢનારાઓને માફ કરવા મુશ્કેલ છે.

એ સિધ્ધાંત સાઇબર ક્રાઇમમાં પણ લાગુ પડી શકે છે. તેથી આવા ગુનાઓ રોકવા માટે સાદા સિધ્ધાંતોને ખાસ ધ્યાનમાં રાખવા એવી સલાહ છે.

૧. અજાણ્યા નંબર પરથી કોલ આવે ત્યારે સૌથી પહેલાં એલર્ટ થવું ને તેની વાત સંદિગ્ધ જણાય કે તરત જ ફોન કટ કરી બ્લોક કરી દેવો.

૨. OTP શેર કરવાની જે કોઇપણ વાત કરે પછી ભલે તે ઘરના સભ્ય હોય તો પણ પહેલાં ફોન કટ કરી અંગત વ્યક્તિને સામેથી ફોન જોડી ચોકસાઇ કરીને OTP આપવો અથવા અજાણ્યા ને તો ભૂલથી પણ આપવો નહિં. અજાણ્યા નંબર પરથી કરેલ કોઇપણ ફોન પર OTP શેર કરવો નહી. આર્થિક નુકસાની થશે તેવી અલગ અલગ રજૂઆત કરે તો પણ તરત જ ફોન મૂકી દેવો.

૩. SMS, E-mail કે Whatapp મેસેજ પર આવતી લિંક ઉતાવળમાં ક્યારેય ખોલવી નહિં. તમામ લિંક સંદિગ્ધ જ છે તે મનમાં વિચારીને ચોકસાઇ કર્યા વગર લિંક ખોલવી જ નહિં. જરુરી આર્થિક વ્યવહારો અને સરકારી કામકાજ માટે લિંકની જરુરિયાતો ભાગ્યે જ પડતી હોય છે એટલે આર્થિક લાભ ગેરલાભની વાતોમાં ફસાવું નહિં.

૪. બેન્કના એકાઉન્ટ ઓછામાં ઓછા મહિને એકવાર તપાસવા.

૫. ડીજીટલ પેમેન્ટ માટે અલગ ખાતુ રાખવુ જેમાં એક ચોક્કસ મર્યાદામાં બેલેન્સ રાખવું.

૬. સમજ ના પડે તેવા કિસ્સાઓમાં નિષ્ણાતનો સંપર્ક કરવો ને નિખાલસતાથી વાત કરવી. (આપણા સમાજમાં નિષ્ણાતો ઉપલબ્ધ છે.)

૭. સાઇબર એરેસ્ટ / ધરપકડ જેવો કોઇ ગુનાની સજા જ નથી તેથી તેવા માટે CBI/ED/ITમાંથી આવતા ફોન તરત જ મૂકી દેવા.

જયાં સુધી સમાજમાં માનવીય ધારાધોરણો, સિધ્ધાંતો, મૂલ્યો ને નીતિમત્તાની સ્થાપના સંપૂર્ણ નહીં સ્થપાય ત્યાં સુધી ગુનાઓ થતાં રહેવાના અને તેનાથી બચવા માટે વ્યક્તિગત ધોરણે જ લડવું પડશે. કાયદાઓ ફકત અમૂક અંશ સુધી તેને રોકવામાં મદદ કરશે પણ નિર્મૂળ તો નહીં જ કરી શકે. સમાજમાં આવા ગુનાઓની ખરાબ અસરો લાંબા સમય સુધી ન પડે તેવી તકેદારી રાખવી સૌની ફરજ છે.

**"IT TAKES YEARS TO BUILD WEALTH & REPUTATION AND FEW MINUTES OF CYBER INCIDENTS TO RUIN IT"**

## ખંભાત સંપ્રદાયના શ્રમણી જયેષ્ઠા બા.બ્ર. પૂ.વસુબાઈ મહાસતીજી કાળધર્મ પામ્યા

પૂ. વસુબાઈ મહાસતીજીની જીવન ઝરમર :

જન્મ :- વિરમગામ વિ.સ. ૧૯૯૧ મહા સુદ - ૧૩, તા.૧૬-૦૨-૧૯૩૫ ના

દીક્ષા :- વિ.સ.૨૦૧૩, માગસર સુદ-૫, તા.૦૭-૧૨-૧૯૫૬ શુક્રવાર , સમય ૮:૧૫ મિનિટે

ગુરુ-ગુરુણી :- આચાર્ય બા.બ્ર.પૂ.રત્નચંદ્રજી મ.સા, સાશનરત્ના બા.બ્ર.પૂ.શારદાબાઈ મહાસતીજી

દીક્ષામંત્રપ્રદાતા :- શાસ્ત્રોધારક આચાર્ય ગુરુદેવ ઘાસીલાલજી મ.સા.

દીક્ષા પર્યાય :- ૬૮ વર્ષ તપ આરાધના-ઉપવાસનો વર્ષીતપ,અઠ્ઠાઈ,છઠ્ઠ,અઠ્ઠમ,

ધાર્મિક અભ્યાસ :- ૧૦ સિધ્ધાંત કંઠસ્થ,૫૦ થોકડા પાથર્ડી બોર્ડનો આચાર્ય સુધીનો ૧૦ વર્ષનો કોર્ષ

પૂ.ગુરુણી મૈયાએ જૈન શાસનની શાન-બાન વધારી. ગુજરાતમાં સૌરાષ્ટ,ઝાલાવાડ,મહારાષ્ટ્ર વિચરણ કરી છેલ્લા અમદાવાદના ઘણા ચાતુર્માસને શેષકાળનો લાભ આપી સંવત ૨૦૮૦નું ચાતુર્માસ શ્રીસુધર્મા સંઘમાં પધાર્યા. અહીં દર રવિવાર અને પર્યુષણના આઠે દિવસ આજીવન બ્રહ્મચર્યના પચ્ચખાણ થયા.

શનિવારે, તા. ૦૫-૧૦-૨૦૨૪ ના રોજ પલ્સ વધઘટ ૩૦-૧૦૦ આ રીતે ખૂબ અપડાઉન થતા. સવારે હોસ્પિટલમાં જાવજીવ પ્રતિક્રમણ - શ્રમણ આલોચના -વોસિરામિની વિધિ - દીક્ષા છેદ આદિ અંતિમ આરાધના કરી કરાવી. સાંજે ૩-૪ વાગ્યે પછી તબિયત વધુ નરમ લાગવાથી તેમની ઈચ્છા મુજબ શ્રીસુધર્માસંઘમાં લાવ્યા.

ઈરિયાવહીયાનો કાઉસ્સગ આદિ કરાવી મોટા ભગવાનની ભાવના પ્રમાણે શ્રીસુધર્મ સંઘના પ્રમુખ કિરણભાઈ, ખંભાત સંઘની આજ્ઞા લઈ સાંજે ૫:૨૦ મિનિટે અપર્છિમ મારણતીય સંથારાના જાવજીવના પચ્ચકખાણ, શ્રમણ આલોચના વોસિરામિ વોસિરામિ શબ્દના ઉચ્ચાર સર્વે ભાઈ-બેનોને ખમાવ્યા. સૂર્યાસ્ત થતા પૂ.મહા.આદિ ઠાણાઓએ પૂ.ભગવાનને જાવજીવનું પ્રતિકમણ કરાવી પુચ્છીસુણ દશવૈકાલિકનું ચોથું અધ્યયન આદિ-સ્વાધ્યાય જીવરાશિ આદિ બધી આરાધના કરાવી સભાનતા સંસ્કૃતિ પ્રસન્નભાવે સ્વસ્થતાપૂર્વક પાઠે પાઠે મિચ્છામિ દુક્કડમ પોતે બોલ્યા.

એક જ સ્થિતિમાં નહિ હલનચલન, જાણે પાદોપગમન સંથારો લાગે. મુખ પર જરાય વેદના નહિ. પ્રસન્નચિતે આનંદ સૌમ્યતા સહીત મુખમાંથી મિચ્છામિ દુક્કડમ વોસિરામીના ઉચ્ચાર સંભળાય પછી સતત નવકારમંત્રના જાપ ચાલુ, ધીરે ધીરે શ્વાસની સરગમ મંદ પડતા ૧૦:૨૦ મિનિટે નશ્વર દેહનો ત્યાગ કરી આત્મા અનંતની યાત્રાએ સૌને છોડી ચાલ્યા ગયા. સારાય જૈન સમાજને આવા જ્ઞાની ગુરુણીની મોટી ખોટ પડી. શ્રીસુધર્મા સંઘમાં કોઈ પણ જાતની ઉછામણી કરવામાં આવતી નથી. તેથી કોઈ પણ ઉછામણી કરી નથી.

ઉછામણીની બધી વસ્તુઓ દા.ત. ચાંદીની લોટી, કાંસાની વાટકી આદિ બધુજ કિરણભાઈના ઘરેથી જ નિર્દોષ મળી ગયું. એમના નિમિતે કોઈપણ વસ્તુ બહારથી લાવી પડી નથી. તા. ૦૮-૧૦-૨૦૨૪, મંગળવારે, શારદાબેનની વાડીમાં ગુણાનુવાદ સભા રાખી. શ્રી જયકાન્તભાઈ બગડિયાએ આ પ્રસંગનું સંચાલન કરવાનો લાભ લીધો. દોઢ હજાર માણસઓ ગૌતમ પ્રસાદીનો લાભ લીધો હતો. તેમના ગુણાત્મને ગુણાંજલિ અર્પીએ. તેમનો આત્મા શીઘ્રાતિશીઘ્ર મોક્ષના અનંત સુખોને પામે એ જ સૌની પ્રાર્થના.



જે માણસને શીખવાની ઈચ્છા હોય તે માણસને દરેક ભૂલ તેને કંઈક શિક્ષણ આપી શકે છે.

# સમાજ સમાચાર

## તા. ૦૧-૧૦-૨૦૨૪ થી તા. ૩૧-૧૦-૨૦૨૪ સુધી સમાજને મળેલ દાનની રકમની વિગત

| રસીદ નં. | દાતાનું નામ અને વિગત | રકમ રૂ. |
|---|---|---|
| ૬૭૪ | શ્રીમતી વિમળાબેન જીવણલાલ ચુનીલાલ સંઘવી પરિવાર (ડેરીવાળા) શેષ યોજના - હ. દિપકભાઈ જીવણલાલ સંઘવી - સંઘશેષ યોજના કાયમી દાતા (સંઘશેષ ખાતે) કોર્પસ | ૧,૦૦,૦૦૦/- |
| | એક સદ્‌ગૃહસ્થ તરફથી (માનવરાહત ફંડ ખાતે) ૬૭૫ થી ૬૭૯, ૬૮૩ થી ૬૮૭, ૬૮૯ થી ૬૯૩, ૬૯૫ થી ૬૯૯, ૭૦૧ થી ૭૦૫ | ૬૦,૦૦૦/- |
| ૬૪૮ થી ૬૫૨ | રમેશભાઈ ખુશાલદાસ શાહ (સખીદાસ) દ્વિતીય ઈનામ વિતરણ સમારોહ તથા તપસ્વી અભિવાદન સમારોહ - વર્ષ ૨૦૨૪ - સમારોહમાં પ્રમુખ તરીકેનું સ્થાન શોભાવ્યું તે નિમિત્તે (સમાજ વિકાસ ફંડ ખાતે) | ૪૧,૦૦૦/- |
| ૬૬૯ | દર્શનભાઈ ચંદ્રકાન્તભાઈ સંઘવી - દ્વિતીય ઈનામ વિતરણ સમારોહ તથા તપસ્વી અભિવાદન સમારોહ - વર્ષ ૨૦૨૪ - સમારોહમાં મુખ્ય મહેમાન તરીકેનું સ્થાન શોભાવ્યું તે નિમિત્તે (સમાજ વિકાસ ફંડ ખાતે) | ૩૫,૦૦૦/- |
| ૬૫૩ થી ૬૫૫ | વિરલભાઈ રમેશભાઈ શાહ (સખીદાસ) સાધર્મિક કુટુંબ દત્તક યોજના - ૧ કુટુંબ - વર્ષ ૨૦૨૪-૨૫ (માનવરાહત ફંડ ખાતે) | ૨૧,૦૦૦/- |
| ૬૫૯ | હેમલભાઈ મહેશભાઈ શાહ (સખીદાસ) સ્વ. ભારતીબેન મહેશભાઈ શાહનાં સ્મરણાર્થે - સાધર્મિક કુટુંબ દત્તક યોજના - ૧ કુટુંબ - વર્ષ ૨૦૨૪-૨૫ (માનવરાહત ફંડ ખાતે) | ૨૧,૦૦૦/- |
| ૬૬૭ અને ૬૬૮ | નયનાબેન નરેન્દ્રભાઈ દોશી, પારસભાઈ નરેન્દ્રભાઈ દોશી - સાધર્મિક ૧૮ બહેનોને આર્થિક સહાય ઓક્ટોબર - ૨૦૨૪ (માનવરાહત ફંડ ખાતે) | ૧૮,૦૦૦/- |
| ૬૫૩ | કોકિલાબેન છબીલદાસ સખીદાસ - સ્વ. છબીલદાસ શીવલાલ સખીદાસ, સ્વ. કંચનબેન, સ્વ. પ્રમોદભાઈ, સ્વ. દિનેશભાઈ - સંઘ શેષ સહાય દાતા - વર્ષ ૨૦૨૪ (સંઘ શેષ ખાતે) | ૧૫,૦૦૦/- |
| ૬૯૪ | એક સદ્‌ગૃહસ્થ તરફથી - સાધર્મિક દિવાળી વિતરણ - ૨૦૨૪ - ચોળાફળીનાં દાતા (માનવરાહત ફંડ ખાતે) | ૮,૮૭૫/- |
| ૭૦૬ | ઉમેશભાઈ નગીનદાસ દોશી - માતુશ્રી ધીરજબેન નગીનદાસ દોશી પરિવાર - સાધર્મિક દિવાળી વિતરણ-૨૦૨૪ ભાખરવડીનાં દાતા (માનવરાહત ફંડ ખાતે) | ૬,૪૦૦/- |
| ૬૮૦ | ડૉ. નિલેશચંદ્ર પ્રવિણચંદ્ર સંઘવી - જન્મદિવસની હાર્દિક શુભેચ્છા નિમિત્તે - તા. ૨૧ ઓક્ટોબર (સમાજવિકાસ ફંડ ખાતે) | ૫,૦૦૧/- |
| ૬૭૧ | આશિષભાઈ ગૌતમભાઈ સંઘવી - પ્રથમ ઈનામી વિતરણ સમારોહ તથા ૧૪મો સાંસ્કૃતિક કાર્યક્રમ - ભાગ લેનાર બાળકોને પ્રોત્સાહન રૂપે | ૨,૫૦૧/- |
| ૬૬૪ | અતુલભાઈ હરિશભાઈ વોરા - સુપુત્ર ચિ. વિશુધ્ધનું સગપણ, મુ. બોટાદ - હા. અમદાવાદ શ્રી પ્રદિપભાઈ હિંમતલાલ વસાણીની સુપુત્રી ચિ. મીલી સાથે કર્યું તે શુભ પ્રસંગે તા. ૦૬-૧૦-૨૦૨૪ (માનવરાહત ફંડ, સગપણ લાગા ખાતે) | ૧,૫૦૧/- |
| ૬૬૫ | પ્રદિપભાઈ હિંમતલાલ વસાણી - સુપુત્રી ચિ. મીલીનું સગપણ મુ. ચુડા, હા. હૈદરાબાદ શ્રી અતુલભાઈ હરીશભાઈ વોરાનાં સુપુત્ર ચિ. વિશુધ્ધ સાથે કર્યું તે શુભ પ્રસંગે તા. ૦૬-૧૦-૨૦૨૪ (માનવરાહત ફંડ, સગપણ લાગા ખાતે) | ૧,૫૦૧/- |
| ૬૮૧ | શૈલેષભાઈ પ્રિતમલાલ શાહ - સુપુત્ર ચિ. હર્ષનું સગપણ મુ. મોરબી, હા. મોરબી સ્વ. વિજયભાઈ મનસુખભાઈ મહેતાની સુપુત્રી ચિ. ધરતી સાથે કર્યું તે શુભ પ્રસંગે તા. ૧૫-૧૦-૨૦૨૪ (સમાજઆરસી સગપણ લાગા ખાતે) | ૧,૨૫૨/- |
| ૬૮૨ | સ્વ. વિજયભાઈ મનસુખભાઈ મહેતાની સુપુત્રી ચિ. ધરતીનું સગપણ મુ. રાણપુર, હા. અમદાવાદ શ્રી શૈલેષભાઈ પ્રિતમલાલ શાહના સુપુત્ર ચિ. હર્ષ સાથે કર્યું તે શુભ પ્રસંગે તા. ૧૫-૧૦-૨૦૨૪ (સમાજઆરસી સગપણ લાગા ખાતે) | ૧,૨૫૨/- |

## તા. ૦૧-૧૦-૨૦૨૪ થી તા. ૩૧-૧૦-૨૦૨૪ સુધી દાન સિવાયની પહોંચની વિગત

| વિગત | પહોંચ નંબર |
|---|---|
| સમાજ આરસી બાયોડેટા | ૬૬૦, ૬૬૧, ૬૬૨, ૬૬૩, ૬૭૦, ૬૮૮ |
| સમાજ આરસી શ્રદ્ધાંજલી | ૬૭૨, ૭૦૦ |
| સમાજ આરસી જાહેરાત | ૬૬૬, ૬૭૩ |
| અન્ય | ૬૫૬, ૬૫૭ |



ક્રોધ ઉપર પ્રેમથી, પાપ ઉપર પુણ્યથી, લોભ ઉપર દાનથી, અસત્ય ઉપર સત્યથી જીત મેળવો. - ગૌતમ બુદ્ધ

## દિપાવલી તહેવારોમાં સાધર્મિક લાભાર્થી પરિવારોને દિવાળી વિતરણ

સાધર્મિક સહાય લેતા આપણા સમાજના સભ્યો પણ દિવાળીની મીઠાશ માણી શકે તે અંતર્ગત તા. ૨૭-૧૦-૨૦૨૪ ને રવિવારના રોજ સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ કલાક દરમ્યાન સમાજની ઓફિસ શાન્તમ કોમ્પલેક્ષ ખાતેથી જીવનજરુરી ચીજવસ્તુઓ, મીઠાઇ, નમકીન તથા રોકડ સહાય આપવામાં આવેલ. આ વિતરણ સમયે ઉપપ્રમુખશ્રી અજયભાઇ એન. દોશી , માનદ્ મંત્રીશ્રી ચેતનભાઇ આર. શાહ , સહમંત્રી શ્રી દર્શનભાઇ સંઘવી, ઇવેન્ટ કમિટી સભ્ય શ્રી મિલનભાઇ શાહ, શ્રી તેજસભાઇ શાહ તથા કાજુકતરી તથા ડ્રાયફ્રુટના દાતાશ્રી નીતિનભાઇ એમ. દોશી તથા ઓફિસ ઇન્ચાર્જ રોશનીબેન, કલ્પેશભાઇ તથા ઉર્વશીબેન હાજર રહેલ. આ અંગે સમાજના નીચે જણાવેલ દાતાશ્રીઓ તરફથી આર્થિક યોગદાન આપવામાં આવેલ છે તે બદલ સર્વે દાતાશ્રીઓનો સમાજ આભારી છે.

## ઉદારદિલ દાતાઓ તરફથી દિવાળી નિમિત્તે સાધર્મિક પરિવારને સહાય

| | | |
|---|---|---|
કારોબારી સભ્ય તરીકે જોડાવા ઉત્સુક શ્રી મનોજભાઇ સંઘવી, શ્રી દિનેશભાઇ માથકિયા, શ્રી પ્રવીણભાઇ શાહ અને ડો. શ્રી અલ્પેશભાઇ શાહની અરજીને ધ્યાનમાં લઇ તેઓની કારોબારી સભ્ય તરીકે નિમણુંક કરવામાં આવેલ તેઓ આજની મીટીંગમાં હાજર રહેલ. ત્યારબાદ સૌની સંમતિથી ઉત્સાહી એવા શ્રીમતી દેવયાનીબેન સંઘવી અને શ્રીમતિ દીવ્યાબેન શાહને પણ કારોબારીમાં જોડાવા આમંત્રણ આપેલ અને બંન્ને બહેનો સંમતિ સાથે મીટીંગમાં ઉત્સાહપૂર્વક હાજરી આપેલ. આમ નીચે મુજબ હોદ્દા સાથે કારોબારીની રચના કરવામાં આવેલ છે.

૧. શ્રી સુભાષભાઇ સી. શાહ - પ્રમુખ ૨. શ્રી યોગેશભાઇ એસ. સંઘવી - ઉપપ્રમુખ
૩. શ્રી જીતેન્દ્રભાઇ આર. શાહ - મંત્રી ૪. શ્રી વસંતભાઇ સી. શાહ - ખજાનચી
૫. શ્રી રાજેન્દ્રભાઇ એસ. શાહ - કા. સભ્ય ૬. શ્રી જીતેન્દ્રભાઇ એસ. સંઘવી - કા. સભ્ય
૭. શ્રી મનોજભાઇ બી. સંઘવી - કા. સભ્ય ૮. શ્રી દિનેશભાઇ જી. માથકિયા - કા. સભ્ય
૯. શ્રી પ્રવિણભાઇ પી. શાહ - કા. સભ્ય ૧૦. ડો. શ્રી અલ્પેશભાઇ આર. શાહ - કા. સભ્ય
૧૧. શ્રીમતી દેવાયાનીબેન એસ. સંઘવી - કા. સભ્ય ૧૨. શ્રીમતી દિવ્યાબેન ડી. શાહ - કા. સભ્ય

સૌને અભિનંદન...

કારોબારી મીટીંગમાં નક્કી થયા મુજબ તા. ૨૭-૧૦-૨૦૨૪ ના રોજ એલિસબ્રીજ સ્થા. જૈન સંઘ - પાલડી ખાતે એક ધાર્મિક શિબીરનું આયોજન કરવામાં આવેલ. શીબીરમાં સુંદરવનના ૧૧૫ સભ્યોએ ખૂબ જ ઉમળકા સાથે ભાગ લીધો હતો. શીબિર પુર્ણ થયા બાદ શ્રી સંઘે સર્વને ગૌતમપ્રસાદી આપેલ. સ્વ. હરિભાઇ સલોત (શારદાબેન સલોત) તરફથી સૌને સાકરના પેકેટ શુભેચ્છા સ્વરુપે આપેલ.

સુંદરવન સંસ્થાના વડીલ સભ્યોને બીજીવારના આવવું પડે તે વિચાર સાથે દિવાળી મીઠાઇ (કેસર કાજુકતરી) નું વિતરણ આ દિવસે એલિસબ્રીજ સંઘની નજીક રહેતા ડો. અલ્પેશભાઇને ત્યાં જ વિતરણનું આયોજન કરી દીધેલ. શ્રીમતી દર્શનાબેન અલ્પેશભાઇ અને કું. નીશી અલ્પેશભાઇએ ખુબ જ મદદ કરી અને મિઠાઇનું વિતરણ વ્યવસ્થિત પુર્ણ થયેલ. શિબીરના આયોજન અને મિઠાઇ વિતરણ આયોજનમાં શ્રી જીતુભાઇ આર. શાહ અને ડો. અલ્પેશભાઇ આર. શાહનો ફાળો મહત્વનો રહ્યો.

વિતરણ દરમ્યાન કારોબારી સભ્યો શ્રી યોગેશભાઇ સંઘવી, શ્રી વસંતભાઇ શાહ, શ્રી મનોજભાઇ સંઘવી, શ્રીમતી દેવયાનીબેન સંઘવી અને શ્રીમતી દિવ્યાબેન શાહ હાજર રહેલ અને વ્યવસ્થા સંભાળી લીધી હતી.. સૌને ધન્યવાદ. અંતમાં શિબિરમાં તથા મીઠાઇ વિતરણમાં સૌ સભ્યોએ ધીરજપૂર્વક સાથ-સહકાર આપવા બદલ આભાર..

આ અંક આપસૌને મળશે ત્યારે નૂતન વર્ષનો પ્રારંભ થઇ ગયો હશે.. દરેકને નવું વર્ષ ફળદાયી અને યશદાયી બને તેવી શુભેચ્છા.

| પ્રમુખશ્રી | ઉપપ્રમુખશ્રી | મંત્રીશ્રી |
|---|---|---|
| સુભાષભાઈ સી. શાહ | યોગેશભાઈ એસ. સંઘવી | જીતેન્દ્રભાઈ આર. શાહ |


ગુજરાત સમાચાર સંદેશ
THE TIMES OF INDIA દિવ્ય ભાસ્કર
જાહેર નોટીસ, નામ ચેન્જ
ટચુકડી, પ્રાઇમ પ્રોપર્ટી
બેસણું, શ્રધ્ધાંજલિ, અભિનંદન
ડિસ્પ્લે, કોમર્શીયલ, લગ્નવિષયક
ઘરબેઠા કોઈપણ ન્યુઝપેપરમાં જાહેરાત આપવા માટે સંપર્ક કરો.
મેહુલ પી. શાહ 9825042967

Neminath Electronics
Ritesh Shah
M. : 9974425154
riteshshah105@gmail.com
Deal in : All Types of Industrial Electronics Component
B/417, 4th Floor, Sumel-11, Nr. Namaste Circle, Delhi Darwaja to Sahibaug Road, Sahibaug, Ahmedabad-380004.

હર્ષદભાઈ : (M) 98244 45844
પ્રતિક : (M) 98258 03686
સર્વોદય
૧, વૃંદાવન બિલ્ડીંગ, આઈ.ડી.બી.આઈ બેંક સામે, ગુરૂકુળ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
ફોન: (O)27433686 (R)27483721
Email: sarvoday3686@gmail.com




રૂપિયાથી સુખ મળી જાય છે, રૂપિયાથી બધું ટળી જાય છે, તે એક વહેમ છે.

# પિતાના હાથની છાપ..

પિતા વૃદ્ધ થઈ ગયા હતા અને ચાલતી વખતે તેમને દિવાલનો સહારો લેવો પડતો. પરિણામે તેઓ જ્યાં પણ સ્પર્શ કરતા હતા ત્યાં દિવાલોનો રંગ ઊતરી ગયો હતો અને તેમના ફિંગરપ્રિન્ટ્સ દિવાલો પર છપાઈ ગયા હતા. મારી પત્નીની નજર એ ફિંગરપ્રિન્ટ્સ પર પડી. તે પછી તે ગંદી દેખાતી દિવાલો વિશે ઘણીવાર ફરિયાદ કરતી રહેતી. એક દિવસ, પિતાજીને માથાનો દુખાવો થતો હતો, તેથી તેણે તેમના માથા પર થોડું તેલ માલિશ કર્યું. જેથી ચાલતી વખતે દીવાલોનો સહારો લેતાં દીવાલો પર તેલના ડાઘા પડી ગયા.

આ જોઈને મારી પત્નીએ બૂમાબૂમ કરી મૂકી. અને બદલામાં મેં મારા પિતા પર બૂમો પાડી. તેમની સાથે અસંસ્કારી રીતે વાત કરી અને તેમને ચાલતી વખતે દિવાલોને સ્પર્શ ન કરવાની સલાહ આપી. તેમનું દિલ મારા આ વર્તનથી દૂભાયું પણ તેઓ કશું બોલ્યા નહીં. મને પણ મારા વર્તનથી શરમ આવી, પણ મેં કશું કહ્યું નહિ.

તે પછી પિતાજી એ ચાલતી વખતે દીવાલોનો સહારો લેવાનું છોડી દીધું. એક દિવસ તેઓ ચાલતાં ચાલતાં પડી ગયા અને પથારીવશ થઈ ગયા. અને થોડા દિવસોમાં આ દુનિયા છોડીને ચાલ્યા ગયા.

મેં મારા હૃદયમાં અપરાધની લાગણી અનુભવી. મેં તેમનું દિલ દૂભવ્યુ હતું તે ક્યારેય ભૂલી શક્યો નહીં, તેમના અવસાન માટે મારી જાતને માફ ન કરી શક્યો. થોડા સમય પછી, અમે અમારા ઘરને રંગરોગાન કરાવવા માંગતા હતા.તે માટે જ્યારે કારીગરો આવ્યા, ત્યારે મારા પુત્ર એ જે તેના દાદાને પ્રેમ કરતો હતો તેણે કારીગરો ને મારા પિતાના ફિંગરપ્રિન્ટ્સ સાફ કરવા અને તે વિસ્તારોને રંગવા ન દીધા.

કારીગરો ખૂબ સારા કલાકારો હતા. તેઓએ તેને ખાતરી આપી કે તેઓ મારા પિતાના ફિંગરપ્રિન્ટ્સ/હેન્ડપ્રિન્ટ્સને દૂર કરશે નહીં. તેમણે આ નિશાનોની આસપાસ એક સુંદર વર્તુળ દોર્યું અને એક સુંદર ડિઝાઇન બનાવી દીધી. તે પછી તે ડીઝાઇન એમ ને એમ જ રહી બલ્કે તે પ્રિન્ટ અમારા ઘરનો ભાગ બની ગઈ. અમારા ઘરની મુલાકાત લેનાર દરેક વ્યક્તિ અમારી એ અનન્ય ડિઝાઇનની પ્રશંસા કરતાં.

સમય સાથે હું પણ વૃદ્ધ થયો. હવે મને પણ ચાલવા માટે દીવાલના સહારાની જરૂર પડવા લાગી. ચાલતી વખતે એક દિવસ મારા પિતાને મેં જે કઠોર શબ્દો કહ્યાં હતા તે યાદ આવ્યા. મેં આધાર વિના ચાલવાનો પ્રયાસ કર્યો.

મારા પુત્રએ આ જોયું અને તરત જ મારી પાસે આવ્યો અને ટેકા વિના હું પડી ગયો હોત તેવી ચિંતા વ્યક્ત કરી અને મને ચાલતી વખતે દિવાલોનો ટેકો લેવા કહ્યું. મેં જોયું કે તે સાથે તેણે મને પકડી ને ટેકો આપ્યો.

મારી પૌત્રી પણ તરત જ આગળ આવી અને પ્રેમથી મને તેના ખભા પર ટેકો આપવા કહ્યું. હું બહુ ભાવુક થઈ ગયો, મારી આંખોમાં ઝળઝળીયાં આવી ગયા. જો મેં મારા પિતા માટે પણ એવું જ કર્યું હોત, તો તેઓ લાંબા સમય સુધી જીવ્યા હોત. મારી પૌત્રીએ મને શાંત પાડ્યો અને મને સોફા પર બેસાડ્યો.

પછી તેણે તેની ડ્રોઇંગ બુક કાઢી અને તેમાં તેના શિક્ષકે તેના ચિત્રની પ્રશંસા કરી હતી અને તેને ઉત્તમ ગ્રેડ આપ્યો હતો તે મને બતાવ્યું. તે ચિત્ર દિવાલો પર પડેલી મારા પિતાના હાથની છાપ નું હતું. અને તેના પર રિમાર્ક લખી હતી. "કાશ દરેક બાળક વડીલોને એ જ રીતે પ્રેમ કરે".

હું મારા રૂમમાં પાછો આવ્યો અને ખૂબ રડી પડ્યો . મેં મારા પિતા પાસેથી માફી માંગી પરંતુ મોડું થઈ ગયું હતું. હવે તો તેઓ હયાત ન હતા. આપણે પણ સમય સાથે વૃદ્ધ થઈએ છીએ. ચાલો આપણા વડીલોનું ધ્યાન રાખીએ અને આપણા બાળકોને પણ એ જ શીખવીએ.

SHAH ASSOCIATES
DISTRUBUTORS : LAMINATED POUCHES, BOPP FILM / PVC SHRINK / CELLO TAPE / L.D. HMHD. P.P. PLAIN BAGS, PRINTED BAGS / CORRUGATED BOXES
ASHOK SHAH, HEMANG SHAH (M) 9825048421
Adm. Office : B-1, 104, 1st Floor, Paladium Complex, Corporate Road, S.G. Road, Setellite, Ahmedabad
Ph. : (079) 27558672
E-mail : shahpapers&foils@hotmail.com
shahpapers&foils@gmail.com
Phone : (R) (079) 26931040 / 41

મનપસંદ મેરેજ બ્યુરો
જૈન તથા ઉચ્ચજ્ઞાતી
વેલ એજ્યુકેટેડ - વેલ સેટલ્ડ યુવક યુવતીઓ માટે પસંદગીની વિશાળ તક, મીટીંગની અલગ વ્યવસ્થા, સફળ યુવા મેળા ના આયોજક રજીસ્ટ્રેશન માટે :-
૩૦૧, શુકન કોમ્પ્લેક્ષ, ઓફ સી.જી. રોડ, જૈન ડેરી સામે, ફેરડીલ હાઈસની બાજુમાં, સ્વસ્તિક ચાર રસ્તા, નવરંગપુરા, અમદાવાદ
Ph. : 26466208/9, 9376163226, 9375809340
Email : smita@manpasandjodi.com
Website : www.manpasandjodi.com

મો. : ૯૮૨૪૨ ૮૯૯૬૭
નવકાર કલીનીક
ડૉ. અમીત કે. દોશી (બોટાદવાળા)
B.H.M.S.
General Physician
૬૩/૭૪૮, ચિત્રકુટ એપાર્ટમેન્ટ,
પેટ્રોલ પમ્પ સામે, સોલા રોડ, અમદાવાદ - ૬૩.
E-mail : navkarclinic@gmail.com
સમય : સવારે ૮-૩૦ થી ૧-૩૦ • સાંજે ૫-૦૦ થી ૯-૩૦ • રવિવાર સવારે ૯-૦૦ થી ૧૨-૦૦
જ્ઞાતીબંધુ તથા જરૂરીયાતમંદોને રાહતદરે સારવાર આપવામાં આવશે.
શુભેચ્છક : વૈદ્ય કીશોરભાઈ ત્રંબકલાલ દોશી, બોટાદ


સામાયિક - પ્રતિક્રમણ કરતા વખતે લક્ષ્ય શું તે વખતે ભાવ ઉછળતા હોવા જોઈએ.

# ચિંતા પાછળ અજ્ઞાત ભય રહેલો છે...

લઘુતાગ્રંથિ-ગુરૂતાગ્રંથિ : માનવ સ્વભાવ સાથે ચિંતા-ભયનું કનેક્શન મન ખૂબ ચંચળ છે. તે આખો દિવસ વિચાર્યા કરતું હોય છે ને સહેજે નવરું પડતું નથી. જાગૃતાવસ્થામાં તો અવિરત દોડ્યા જ કરે છે, રાત્રે સ્વપ્નમાં પણ તે જંપીને બેસતું નથી. જરા શાંત ચિત્તે માનવી વિચારે તો તેને ખ્યાલ આવશે કે તે અહીં જ બેઠો છે, છતાંય એનું મન તો ક્યાંયનું ક્યાંય પહોંચી ગયું હોય છે. આ મન શરીરમાં જ રહે છે. દસેય ઇંન્દ્રિયો પર તે સંપૂર્ણ કાબૂ ધરાવે છે એટલે એ જે કંઇ કરે એની અસર શરીર પર વર્તાય છે. પરિણામે માનસિક થાક લાગે છે અને શારીરિક સ્તરે પણ એની અસર વર્તાય છે. મનુષ્ય સતત મનનું દબાણ અનુભવતો હોય છે. માનવીનું મન જાતજાતના કોમ્પ્લેક્સ, અથવા કહો કે, ગ્રંથિઓ પાળીને બેઠેલું હોય છે. ગ્રંથિઓ આમ તો અનેક પ્રકારની છે, પણ આપણને સૌથી વધારે અસર કરતી ગ્રંથિ આ બે - લઘુતાગ્રંથિ (ઇન્ફીરીયર કોમ્પ્લેક્સ) અને ગુરુતાગ્રંથિ (સુપિરીયર કોમ્પ્લેક્સ). ઘણી વ્યક્તિઓ પોતાને હીન માનતી હોય છે.

હું દેખાવડો નથી, હું તંદુરસ્ત નથી, પૈસાવાળો નથી, મારી ઊંચાઇ ઓછી , હું બહુ કાળો છું, મને ચશ્માં આવી ગયાં છે, મારા વાળ ખરી ગયા છે, હજી તો હું જુનિયર જ છું, હું ક્યારેય આગળ આવી નહીં શકું વગેરે વગેરે... લઘુતાગ્રંથિ ધરાવતી વ્યક્તિ આવા વિચારોથી પીડાયા કરે છે. એ સતત દુઃખી જોવા મળે છે. એ સતત વ્યગ્ર રહે છે.

માણસ માટે મુશ્કેલી પેદા કરતી બીજી ગ્રંથિ છે, ગુરુતાગ્રંથિ. હું કંઇક છું, મારા જેવો કોઇ નથી, હું દેખાડી દઇશ, મારી પાસે શું નથી, મારી પ્રગતિ જોઇને સૌ ઈર્ષ્યા કરે છે, સમાજમાં મારા જેવો માન-મોભો કોઇનો નથી, મારા સાહેબ પણ મારાથી બીવે છે, મને વહીવટ સોંપે તો હું દેખાડી દઉં... આવા બધા વિચારો કરી કરીને

ગુરુતાગ્રંથિથી પીડાતો માણસ ગગનમાં વિહર્યા કરતો હોય છે. પૃથ્વી તેને નાની લાગે છે. બીજા લોકો એને તુચ્છ લાગે છે. ઝીણવટથી જુઓ તો તેનામાં તમને કદાચ ગાંડપણનાં સૂક્ષ્મ લક્ષણો પણ દેખાય. માણસની મેન્ટલ હેલ્થ પર નકારાત્મક અસર કરતું ત્રીજું પરિબળ છે, ચિંતા. અમુક લોકો એક યા બીજી વાતે ચિંતા કર્યા જ કરતા હોય છે. વાતની શરૂઆત એવી કરે કે જાણે એના પર દુઃખનો પહાડ તૂટી પડ્યો હોય. આજે એક્સિડન્ટ એટલા બધા થાય છે કે સાંજે સાજાસમા ઘેર પાછા આવ્યા તો ગનીમત... આવું બધું એ બોલ્યા કરે છે ને બોલતો ન હોય તો વિચાર્યા કરે છે. આને જ તો આપણે ચિંતા કહીએ છીએ. ચિંતા સાવ કોરી કટ નથી હોતી, તેની પાછળ અજ્ઞાત ભય રહેલો હોય છે. ભયભીત વ્યક્તિ વધુ ચિંતાતુર રહે છે. આ ભય પ્રત્યક્ષ પણ હોઈ શકે અને અપ્રત્યક્ષ પણ. ચિંતા, ભય, ગુસ્સો, વ્યાધિ, ઉપાધી, દ્વેષ, મોહ, માયા આ બધા ભાવો એકમેક સાથે જોડાયેલા હોય છે.

હવે ચિંતા થવાનાં થોડાં કારણો જોઇએ. પતિ કે પત્નીનું મરણ, સંબંધવિચ્છેદ, છૂટાછેડા, સગા સંબંધીનું મૃત્યુ, ઇજા અથવા બિમારી, ઉપરી અધિકારીનો ઠપકો, રિટાયર્ડ થવું.

નોકરીની બદલી, બેંકની કે બીજાકોઈની નોટિસ, નવા મકાનમાં રહેવા જવું, રોંગ પાર્કિંગ જેવા નાના નાના કાયદાનો ભંગ – આવાં અનેક કારણો છે. ચિંતાનું ઝાપટું આનંદના વાતાવરણને એક સેકન્ડમાં ઉદાસીમાં પલટી નાખે છે. કકડીને લાગેલી ભૂખને પળભરમાં ગાયબ કરી શકે છે. આનો અનુભવ આપણને સૌને છે.

માનસિક તાણથી છૂટવાના અથવા કહો કે ટેન્શન ઘટાડવાના થોડા ઉપાયો આ પ્રમાણે હોઈ શકે. શાંત વાતાવરણમાં જાવ, રીલેક્સ થાવ, મનગમતું કાર્ય કરો, સંગીત સાંભળો, વાંચન યા બીજી કોઈ મનગમતી પ્રવૃત્તિ કરો, મેડિટેશન કરો, મિત્રો સાથે સમય પસાર કરો. કુટુંબજનો સાથે બેસી વાતો કરો. ગમ્મત કરો, ટીવી કે સિનેમા જુવો. મનગમતી પ્રવૃત્તિમાં મશગુલ રહો. ઘરકામ, મિત્રોનું કામ કે સામાજિક પ્રવૃત્તિ પણ ઘણી વાર માનસિક તાણ ઓછી કરી નાખે છે. કામ કરતાં થાક લાગે તો થોડો આરામ કરો. સૌથી મહત્ત્વનો મુદ્દો આ છેઃ સોશિયલ મીડિયાથી દૂર રહો, તેનો ખપ પૂરતો જ ઉપયોગ કરવો. વધુ પડતો સ્ક્રીનટાઇમ આપણને થકવી નાખે છે. માનસિક તાણને કારણે ઘણા રોગ થાય છે. જેમ કે બી.પી. હાયપર ટેન્શન, ડાયાબિટીસ, અલ્સર, વગેરે. ઉપરના ઉપાયો અજમાવવાથી મનને ઘણી રાહત મળશે. આજકાલ સંબંધો વધારે ટોક્સિક બની ગયા છે, જે મનની શાંતિને હણી લે છે. સાચી આધ્યાત્મિકતાની નિકટ જવા જેવું છે.

ક્રિયાકાંડ કે બાહ્યાચાર નહીં, પણ સાચી આધ્યાત્મિકતા માનસિક સ્પષ્ટતા લાવે છે, આપણને આત્મજ્ઞાનની નજીક લઈ જાય છે, જના પરિણામે મનની કેટલીય ગ્રંથિઓ આપોઆપ આગળી જાય છે. આ નવું વર્ષ આપણા સૌ માટે માનસિક શાંતિથી ભરપૂર રહે...

અભિમાન અનેક વાર તૂટતું હોવા છતાં લોકો સમાધાનકારી વલણ અપનાવી શકતા નથી

મા-બાપની આંખમાં બેવખત આંસુ આવે છે
દીકરી ઘર છોડે ત્યારે... દીકરો તરછોડે ત્યારે...

ધનલક્ષ્મી સ્ટોર્સ

ઈમિટેશન ● કોસ્મેટિક્સ ● હોઝિયરી ● બિંદી અને બ્રા - પેન્ટી
૪૫/૩, પાર્શ્વનાથ સોસાયટી, નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.

ભુપેન્દ્રભાઈ બારભાયા
મો. : ૯૪૨૬૭૬૭૯૯૮

છબીલભાઈ શાહ
મો. : ૯૪૨૬૫૭૭૨૧૮, ૮૨૩૮૨૯૩૭૦૧



મોહનીયકર્મમાં જ્યાં સુધી ફસાયેલા રહેશું ત્યાં સુધી શ્રાવકપણું, સંયમ, કેવળજ્ઞાન, સમ્યક્ત્વ મળશે નહીં.

# લાઈફ ઇઝ અ ફેસ્ટીવલ

અમારો એક મિત્ર ઋષભ ભારે ઉત્સાહી. જીવનના પાંચ દાયકા વટાવ્યા પછી પણ એ વીસ વર્ષના જુવાનીયાની જેમ હંમેશા તરોતાજા અને થનગનતો જ જોવા મળે. દરેક ફેસ્ટીવલની ઉજવણી એ એટલી બધી શાનદાર અને જાનદાર રીતે કરે કે ધીરે ધીરે તો અમને એની હાજરી પણ ફેસ્ટીવલ જેવી લાગવા માંડી.

નવરાત્રી આવે તો બે-ચાર ટ્રેડીશનલ ડ્રેસ ખરીદવાથી શરુ કરી ગરબાની નવી સ્ટાઈલ શીખવા માટે મહિનો પંદર દિવસ ગરબા કલાસીસમાં પણ જઈ આવે. દિવાળીના દિવસોમાં દરરોજ નવી રંગોળી કરવા એ રાત્રીના એક-દોઢ વાગ્યા સુધી જાગે. ગણપતિ ઉત્સવ વખતે તો એ ગણપતિ દાદાને ઘરે જ લઈ આવે.

ઋષભ હંમેશા અમને કહે 'લાઈફ ઇઝ અ ફેસ્ટીવલ' અને દર વખતે અમે એને ખોટા ખર્ચાથી શરુ કરી વધતી ઉંમર સુધીના અનેક નેગેટીવ મુદ્દાઓ રજુ કરી એને થોડો ઢીલો પાડવા, ધીરો પાડવા પ્રયત્ન કરીએ. ઋષભ બિચારો અમને ગંભીરતાથી સાંભળે, સમજવા પ્રયત્ન પણ કરે, પણ જેવો કોઈ ફેસ્ટીવલ કે પ્રસંગ આવીને ઉભો રહે એટલે એ એમાં તન, મન, ધનથી ડૂબી જ જાય.

વળી, સાવ એવુંયે નહોતું કે અમને એનો થનગનાટ નહોતો ગમતો, એ હોય ત્યારે અમને પણ થોડું જોશ ચઢી જતું, ઉમંગ, ઉત્સાહ અમારી અંદર પણ જાગી ઉઠતા, પણ તન અને ધનનો વિચાર આવતા જ અમે અમારા મન ને બ્રેક મારી રોકી લેતા અને એની બ્રેક ફેલ ગાડી સડસડાટ દોડી જતી. ઋષભના ત્યાં મહેમાનો આવે એટલે એ એમને રાજાશાહી ટ્રીટમેન્ટ આપે. સારી હોટેલમાં જમવાનો અને એકાદ ફિલ્મ જોવા ટોકીઝમાં જવાનો પ્રોગ્રામ એ અચૂક ગોઠવી જ નાખે. રવિવાર આવે એટલે ઋષભ તરફથી ગાંઠીયા, જલેબીની પાર્ટીની ઓફર અમને આવી જ ગઈ હોય.

પહેલો વરસાદ આવે એટલે ઋષભ એની વાઈફ સાથે હોન્ડા પર પલળવા નીકળી પડે અને વળતા ગરમાગરમ ભજીયા અચૂક લેતો જ આવે. અમને થતું એનો ઉડાઉ નેચર એક દિવસ ચોક્કસ એને નડશે. જયારે પણ તક મળે ત્યારે અમે એને આ બાબતે લેકચર આપવાનું ચૂકતા નહિ.

અમે ઋષભને પૂછતાં, તને આવા ખર્ચાઓ સુઝે છે કેવી રીતે.? આવા બે-પાંચ હજારના ખર્ચાઓ કરવાને બદલે એસ.આઈ.પી. કે રીકરીંગ એકાઉન્ટમાં એ રકમ રેગ્યુલરલી નાખવા માંડને તો પાંચ પંદર વર્ષે લાખો રૂપિયા ભેગા થઈ જાય. એ અમારી સામે ચકળવકળ આંખે તાકી રહેતો.

એક દિવસ અમારા એક સૌથી વધુ કરકસરિયા મિત્રને માયનર એટેક આવી ગયો. અમે સૌ હોસ્પીટલે દોડી ગયા. રીપોર્ટસ, દવાઓ અને ટ્રીટમેન્ટમાં અઠવાડિયું નીકળી ગયું. અને એક મહિનાનો બેડરેસ્ટ આવ્યો. ચાલીસેક હજાર જેટલો ખર્ચ આવ્યો. અમે સૌએ એને આર્થિક મદદ માટે ઓફર કરી. તો એણે કહ્યું દોઢ લાખની એફ.ડી. પડી છે, યુ ડોન્ટ વરી.

હોસ્પિટલની બહાર અમે સૌ ચા પીતા ઉભા હતા ત્યારે પેલો ઉત્સવપ્રિય મિત્ર ઋષભ અમારી સૌની સામે વિચિત્ર નજરે તાકતો હતો. અમે એની સામે પ્રશ્નાર્થ નજરે જોયું. ઋષભ બોલ્યો આ કરકસરિયો હોસ્પિટલમાં ખોટો ખર્ચો કરે છે. એણે હોસ્પિટલમાં ચાલીસ હજાર રૂપિયા ખોટા ઉડાડી નાખ્યા. અમારો એક મિત્ર બોલ્યો અલ્યા આ એની લાઈફનો પ્રશ્ન હતો. એ વાક્ય પૂરું કરે એ પહેલા જ ઋષભ પેલો ચિલ્લાયો આ લાઈફનો નહિ, ડેથનો પ્રશ્ન છે. લાઈફ માટે તો ક્યાં એણે કશું ખર્ચ કર્યું જ છે.?

આટલું બોલી સહેજ અટકી, ઉંડો શ્વાસ લઈ, એ બોલ્યો સોરી, પણ તમે બધા પૂછતાં હતા ને કે મને સેલિબ્રેશનના આઈડીયાઝ ક્યાંથી આવે છે. અહીંથી. એણે હોસ્પિટલ તરફ આંગળી ચીંધી. બે, ત્રણ હજાર રૂપિયાનો એક રીપોર્ટ કરાવતી વખતે આપણે કેમ એની એફ.ડી. કે એસ.આઈ.પી. નો વિચાર કરતા નથી. હોંશે હોંશે નહિ તો ખેદ સાથે પણ એફ.ડી. તોડીનેય મેડિકલ રિપોર્ટ માટે રૂપિયા ખર્ચીએ છીએ ને.?

તો આ જ રૂપિયા જયારે આપણે સ્વસ્થ હોઈએ, તન મનથી દુરસ્ત હોઈએ ત્યારે લાઈફને ઉમંગ, ઉત્સાહ અને આનંદથી છલોછલ ભરી દેવા માટે કેમ નથી ખર્ચતા.?

શું ડોક્ટર આપણને પ્રિસ્ક્રિપ્શનમાં ફેમિલી સાથે દર રવિવારે


જેની જીભમાં અમી તેને દુનિયા નમી

Remesh K. Doshi M. 98796 36628
Jinesh Doshi M. 8460186847

HIRA OPTICS

Verai Pada Pole, Gandhi Road, Ahmedabad.

રોશની ચશ્મા ઘર

તુલસીશ્યામ ફ્લેટ સામે, ભીમજીપુરા, નવા વાડજ

નરેન્દ્ર કે. દોશી M.: 8000360616

SHAH ESTATE CONSULTANT RERA REGISTERED

Jayesh Shah +91 99740 89640 +91 98250 13076

JITO (Member) A.E.B.A. (Member) GREAC (Member)

Residential & Commercial Property Rent | Sale | Lease, Home Loan Advisor

M-13/76, Rupal Park, Opp. Patrakar Colony, Vijaynagar, Naranpura, Ahmedabad - 380013

jayeshshah1376@gmail.com

જીતેન્દ્ર આર. શાહ તથા વર્ષા જીતેન્દ્ર શાહ

લાઈફ ઇન્સ્યોરન્સ કન્સલ્ટન્ટ/એજન્ટ

૪૪ વર્ષથી લાઈફ ઇન્સ્યુરન્સ કૉર્પોરેશન ઑફ ઈન્ડિયાના એજન્ટ તેમજ ચેરમેન કલબ મેમ્બર

રહેઠાણ : સી/૯૦૧, શ્રીજી ટાવર્સ, ઇન્દ્રપ્રસ્થ ટાવર્સ સામે, ડ્રાઇવ-ઇન રોડ, ગુરુકુળ, અમદાવાદ-૩૮૦ ૦૫૨

એલ.આઈ.સી.ની તમામ જાતની સેવા માટે કોન્ટેક્ટ (મો.) ૯૮૨૫૦ ૧૧૨૩૨

"મૃત્યુ થવાનું છે તે માટે જિંદગીનો વીમો લેવાતો નથી, પણ પાછળ કોઇ જીવિત રહેવાનું છે, તે માટે જ જીવન વીમો જરૂરી છે.




તમે હારી જાવ એની મને ચિંતા નથી,
પણ હારીને બેસી જાય તેની મને ચિંતા છે.

લોંગ ડ્રાઈવ પર જવાનું રાખજો નહિતર માયનર એટેક આવશે... દિવાળીના દિવસે હજાર રૂપિયાની મીઠાઈ નહિ ખાઓ તો ટી.બી. થશે... મિત્રો સાથે મહીને એકાદ મહેફિલ નહિ સજાવો તો કેન્સર થશે... એવું લખીને બીવડાવે ત્યારે જ આપણે લાઈફને એન્જોય કરવાનું, સેલીબ્રેટ કરવાનું શરુ કરીશું.?

અમે સૌ ક્યાંય સુધી એક બીજા સામે તાકી રહ્યા, પછી પેલા ઉત્સવ પ્રિય મિત્ર ઋષભને ગળે વળગીને ભેટી પડ્યા.

મિત્રો, હવે આપણે નક્કી કરવાનું છે કે આપણે આપણા પાકીટમાં કે બેંકમાં શું ભરીને બેઠા છીએ.? દવાઓ, ઈંજનેક્શન્સ, રીપોર્ટ્સ અને ઓપરેશન્સ કે મિત્રોની મહેફિલ, ફેમિલીની ખુશીઓ અને ભીતરે ધબકી રહેલી જીવન ઉર્જાનો ધામધૂમથી ઉજવાતો મહાઉત્સવ.?

મિત્રો, આજે જ આપણે આપણા ફેમિલી સાથે કે મિત્રો સાથે બેસી આપણું 'ફરગેટ ટુ સેલીબ્રેટ લાઈફ' નામના કલ્પિત રોગ અંગે ચેકઅપ કરાવીએ તો કેવું.? જો રીપોર્ટ ચિંતાજનક આવે, અને અંગત વ્યક્તિ કહે કે આ સાચી વાત છે. કારણ કે આપણને જન્મ દિવસે પણ ચહેરો ગંભીર રાખવાની અને લગ્ન પ્રસંગ સાદાઈથી ઉજવવાની, મિત્રોની પાર્ટીઓ કે મહેફિલો કે પ્રવાસોમાંથી આપણું નામ કઢાવી નાખવાની આપણને આદત પડી ગઈ છે. તો એ સમજી લેજો કે તમારી ભીતરે જીવન મુરઝાઈ રહ્યું છે, અને મૃત્યુ વધુને વધુ ખીલી રહ્યું છે.

મરણથી બચવા જે ખર્ચો આપણે રડતા રડતા પણ કરવાના છીએ એ જ ખર્ચો જિંદગીને જીવવા માટે આપણે હસતા હસતા અત્યારે કરીએ તો કેવું.?

તમને ઓલ ધી બેસ્ટ.

## આ વર્ષે મેં નક્કી કર્યું....

(૧) ખોટું નહી બોલુ.. (૨) બધાની મદદ કરીશ.
(૩) સારા કાર્યો કરીશ.

પહેલાં દિવસે એક જણે ઈનકમ પૂછી અને મારી પહેલી પ્રતિજ્ઞા તૂટી ગઈ. પછી થયું વાંધો નહિ. ચાલો કોઈની મદદ કરી દઉં. ઠંડીમાં ધ્રુજતી મહિલાને શાલ આપી તો તે બૂમાબૂમ કરવા માંડી. કહે, હું ગરીબ નથી સમજ્યા, હું પાર્ટીમાં જઉં છું ! શોલ પાછી, બીજી પ્રતિજ્ઞા તૂટી. હજી સારા કાર્ય કરીશની એક પ્રતિજ્ઞા બાકી છે.

હોસ્પિટલ ગયો. એક રડતા છોકરાને બે કેળા ખવડાવ્યા ને સારું કાર્ય કરવાનો આનંદ લેતો હતો. ત્યાં એની માં બરાડા પાડતી પૂછવા લાગી. કોણ છે જેને મારા છોકરાને કેળા ખવડાવ્યા ?? સવારથી બેઠી હતી છોકરાના ભૂખ્યા પેટે ટેસ્ટ કરાવવા માટે. પછી થયું જેવો છું એ સારો છું. કંઈ કરવું નથી

## પગે લાગવા થી ખરેખર શુ થાય છે..? આજની જનરેશનનો આ બાબતે શુ અભિપ્રાય છે..?

આપના આ પગે લાગવા એટલે કે પ્રણામ કરવાથી ખરેખર શું થઈ શકે તે સવાલ નો જવાબ કૃષ્ણલીલા માં થી જ મેળવીએ..

મહાભારતનું યુદ્ધ ચાલી રહ્યું હતું - એક દિવસ, દુર્યોધનના કટાક્ષથી દુખી થઈને, "ભીષ્મ પિતામહ" જાહેર કરે છે કે - હું કાલે પાંડવોને મારી નાખીશ. તેની જાહેરાતની જાણ થતાં જ પાંડવોની છાવણીમાં બેચેની વધી ગઈ. દરેક વ્યક્તિ ભીષ્મની ક્ષમતાઓ વિશે જાણતો હતો, તેથી દરેક વ્યક્તિ ભયથી પરેશાન થઈ ગયો પછી શ્રી કૃષ્ણે દ્રૌપદીને કહ્યું, હવે મારી સાથે આવો - શ્રી કૃષ્ણ દ્રૌપદીને સીધા ભીષ્મ પિતામહની છાવણીમાં લઈ ગયા. શિબિરની બહાર ઉભા રહીને તેમણે દ્રૌપદીને કહ્યું કે - અંદર જાવ અને પિતામહને પ્રણામ કરો જ્યારે દ્રૌપદી અંદર ગયા અને ભીષ્મપિતામહને પ્રણામ કર્યા, ત્યારે તેમણે"અખંડ સૌભાગ્યવતી ભવ" આશીર્વાદ દિધા..

પછી તેણે દ્રૌપદીને પૂછ્યું કે !!"વત્સ, તમે આટલી રાત્રે અહીં એકલા કેવી રીતે આવ્યા, શ્રી કૃષ્ણ તમને અહીં લાવ્યા છે"? ત્યારે દ્રૌપદીએ કહ્યું કે -"હા અને તેઓ રૂમની બહાર ઉભા છે." પછી ભીષ્મ પણ રૂમની બહાર આવ્યા અને બંનેએ એકબીજાને પ્રણામ કર્યા - ભીષ્મે કહ્યું-"મારા એક શબ્દને મારા બીજા શબ્દોથી કાપવાનું કામ (લીલા) ફક્ત શ્રી કૃષ્ણ જ કરી શકે છે" શિબિરમાંથી પાછા ફરતી વખતે શ્રી કૃષ્ણે દ્રૌપદીને કહ્યું કે -"એકવાર ભીષ્મપિતામહને પ્રણામ કરીને તમે તમારા પતિઓ માટે જીવનદાન મેળવ્યું છે"

"જો તમે દરરોજ ભીષ્મ, ધૃતરાષ્ટ્ર, દ્રોણાચાર્ય, વગેરેને કાયમ પ્રણામ કરતા હોત,.જો અને દુર્યોધન-દુશાસન વગેરેની પત્નીઓ પણ પાંડવોને કાયમ પ્રણામ કરતા હોત તો કદાચ આ યુદ્ધ ન થયું હોત. તાત્પર્ય... આજની જનરેશનને આ બાબતે અનુરોધ કરવાનો કે અત્યારે આપણા ઘરોમાં ઘણી બધી સમસ્યાઓનું મૂળ કારણ એ છે કે - "જાણી જોઈને કે અજાણતા જ ઘરના વડીલોની ઉપેક્ષા કરવામાં આવે છે" "જો ઘરના બાળકો અને પુત્રવધૂઓ દરરોજ ઘરના તમામ વડીલોને નમન કરે અને તેમના આશીર્વાદ લે તો કોઈ પણ ઘરમાં ક્યારેય કોઈ મુશ્કેલી ન આવી શકે." વડીલોએ આપેલા આશીર્વાદ vaccine બખ્તરની જેમ કાર્ય કરે છે, કોઈ "-Virus હથિયાર" તેમને ભેદી શકતું નથી.

- પ્રણામ પ્રેમ છે. ● પ્રણામ એ શિસ્ત છે.
- પ્રણામ એ શીતળતા છે. ● પ્રણામ આદર શીખવે છે.
- સારા વિચારો પ્રણામથી આવે છે. ● પ્રણામ નમવું શીખવે છે.
- પ્રણામ ક્રોધ દૂર કરે છે. ● પ્રણામ આંસુ ધોઈ નાખે છે.
- પ્રણામ અહંકારનો નાશ કરે છે.

જય જિનેન્દ્ર

## વઢવાણ મિત્ર મંડળ - અમદાવાદ

વઢવાણ મિત્ર મંડળનું સ્નેહમિલન તા. ૨૨-૧૨-૨૦૨૪ ને રવિવારના દિવસે ડી.કે. પટેલ હોલ, અમદાવાદ,નારણપુરા, અમદાવાદ ખાતે રાખવામાં આવેલ છે જેની નોંધ લેશો.

શ્રી સુભાષભાઇ સી. શાહ — માનદ્ મંત્રી

# આપો ખુશીનો ઝટકો, કાપો કર્મનો કટકો

શ્રી રત્નસુંદરવિજયજી મ.સા.એ એક વાર ચાલુ વ્યાખ્યાને શ્રાવકોને દર રોજ કમ સે કમ ૧ રૂપિયાનું દાન કરવાનો નિયમ લેવડાવ્યો હતો. એ જ દિવસે ઉપાશ્રયની બહાર ભીખ માગતી ગરીબ માગણને ૫૦૦ રૂપિયા ઉપર મળ્યા હતા. માગણ પણ દિલદાર નીકળી. જૈન ધર્મથી અંજાઈને એણે એ બધા રૂપિયા બાજુના જિનાલયના ભંડાર માં પુરી દીધા.આચાર્ય શ્રી એ પેલા પણ અનેક વાર રિક્ષાવાળા, શાકભાજી વાળા કે ગરીબ ફેરિયાઓ સાથે ૧ - ૨ રૂપિયા માટે રકઝક કરવાની મનાઈ ફરમાવી છે. ધન્ય છે સાહેબ ની અનુકંપા ને.

હવે આપણે જ્યારે હોટેલ વિ. માં જઈએ છીયે ત્યારે ત્યાંના વેઇટરો ને ટીપ આપવાનો તો રિવાજ છે.પણ ક્યારેય ટેબલ સાફ કરવાવાળા કે પાણીના ગ્લાસ ભરવાવાળાનો આપણે વિચાર કર્યો છે ? એ લોકોમાં પણ જીવ છે, જીવતા જાગતા કોકની આંખના રતન છે, જે પૈસા કમાવવા જે મળ્યું એ કામ કરે છે.

એમને આખા કેરિયરમાં ભાગ્યેજ કોઈ કાંઈ આપતું હશે. એમને આશા પણ નહી હોય. હવે મારો એક મામુલી નિયમ છે કે જેવા આ લોકો ટેબલ પાસે આવે ને પાણીનો ગ્લાસ રાખે કે પોતુ મારે એટલે એમને ૧૦ રૂપિયા દઈ દેવા. એનાથી એમની ખુશી નો પાર નથી રહેતો. કેટલાક તો હસી હસી ને પ્રેમભરી નઝર થી જોવે તો કેટલાક આશ્ચર્ય અને જતન થી રૂપિયા તરત ખીસામાં મૂકી દે. સવાલ ૧૦ રૂપિયાનો નથી, પણ એક તો એમને નાના સમજીને કોઈ ગણકારે નહીં, એમાં આપણે એના કામની કદર કરી એ વસ્તુ એમના હૃદયને સ્પર્શી જાય. પછી તો આપણે નીકળીએ નહીં ત્યાં સુધી એ આપણું ધ્યાન રાખે અને અંતરથી દુવાઓ આપે. મહાત્માના દાખલાથી પ્રોત્સાહન લઈને આવું મારે કોક મકાનના લિફ્ટમેન, ઝાડુવાળા કે વોચમેન સાથે ય બને.

વ્યક્તિઓ બદલાય પણ ભાવ લગભગ સરખો હોય, જેમાં આનંદ નો એમનો હોય અને સંતોષનો મારો હોય. આપણું જોઈને આપણા સંતાનો પણ કઈંક શીખે. કેમ કે સંતાનો લગભગ હંમેશા માતા પિતા ને અનુસરે. મારી મોટી દીકરી, જે ગાડી પણ ચલાવે છે તેણે કારમાં થેલી ભરીને ગ્લુકોઝ બિસ્કિટ રાખી દીધા છે, મેં કારણ પૂછ્યું તો કહે કે પપ્પા, સિગ્નલ ઉપર ભીખારી આવે તો એને હું એમાંથી ૧ પેકેટ દઈ દઉં છું.

મારે એને આવું શીખવાડવું નથી પડ્યું. મારી નાની દીકરી સ્કૂલ માટે પોકેટ મની લઈ જાય. એકવાર રીક્ષામાં જતા એણે ખુબ જ ગરીબ માગણ બાઈને જોઈ. પોતાની પાસે ફક્ત એક ૧૦૦ રૂપિયાની નોટ હતી એ તેને આપી દીધી. પેલી માગણ તો રાજીની રેડ થઈને કંઈ કેટલીય દુવાઓ એને દેવા લાગી એવું એણે મને મોટી રકમ આપી હતી એટલે સંકોચ થી કહ્યું પણ મેં તો એને શાબાશી જ આપી.

મેં ખુદ ટ્રેનના ફસ્ટ કલાસમાં એક દાતારના દીકરા જેવા સજ્જનને એક ગરીબ માગણ બાઈને ૫૦૦ની નોટ આપતા જોયા હતા. પેલી હતપ્રભ માગણ તો ઘડીકમાં નોટ સામું તો ઘડીકમાં ભાઈનું મોઢું જોવા માંડી, કેમ કે એને વિશ્વાસ જ નહોતો બેસતો.

આમ જ એક ક્રિશ્ચન માગણ, મોઢે થી વાજું વગાડતો ૨-૪ મહિને ક્યારેક ટ્રેનમાં મને મળે તો અચૂક મારી પાસેથી ૧૦૦ રૂપિયા મેળવે, ને અંતર ના આશિષથી એ દુવાઓ આપતો જાય.

**God Bless You Sir, Very Kind of You Sir.**

હવે આવા ૫૦-૧૦૦ રૂપિયા તો આપણે હોટલ કે મોલના જી.એસ.ટી.માં ભરી દઈએ છીએ, ત્યાં આપણે વિચારતા પણ નથી. કે ડોક્ટરને ૫૦૦-૧૦૦૦ની ફી તો આપણે ઉપરથી થેન્કયુ કહીને દઈ દઈએ છીએ, યા પોતા માટે હરવા ફરવામાં હજારો લાખો ઉડાવી દઈએ છીએ, ત્યારે ? જો આવી દુવાઓનું સુરક્ષા કવચ સાથે હશે તો ક્યારેક શૂળી નો ઘા સોઈ થી પણ ઉતરી જશે. આપો, આપતા રહો, નિરંતર આપતા જ રહો, આપવા વાળા ને ક્યારેય ખોટ નથી પડતી. ચીડિયા ચાંચ ભર લે ગયી, નદી ન ઘટીએ નીર, દાન દઈયે ધન ન ઘટે, કહે ગયે દાસ કબીર. આ લેખનો હેતુ, આપવડાઈ કરવાનો બિલકુલ નથી પણ આનો શુભ આશય અનુકંપા દાનનો ફેલાવો કરવા માટેનો જ છે.

# સજ્જન બનીએ તો..!!

એક મેડમ સાડીઓના મોટા શોરૂમમાંથી એક મોંઘી સાડી લાવ્યાં, પરંતુ પહેલી જ વખત ધોયા પછી એ સાડી બગડી ગઈ. વેપારીએ આપેલી ગેરન્ટી ખોટી પડી. એ મેડમે પોતાના ડ્રાઈવર સાથે શોરૂમના માલિકને એક પત્ર મોકલ્યો : ''તમારી દુકાનેથી મેં સાડી ખરીદી હતી. આ સાથે તેનું બિલ પરત મોકલું છું. તમારા શોરૂમના સેલ્સમેને ગેરન્ટી આપી હતી છતાં સાડી બગડી ગઈ છે, પરંતુ બિલ મારી પાસે હોય ત્યાં સુધી મને છેતરાઈ ગયાની ફીલિંગ ડંખ્યા કરે અને બીજું કોઈ જુએ તો તમારા શોરૂમની પ્રતિષ્ઠાને કલંક લાગે.

એક સાડી બગડવાથી મને તો બે-ત્રણ હજારનું જ નુકસાન થયું છે, પણ એટલા જ કારણે તમારા શોરૂમની પ્રતિષ્ઠા ઝંખવાય તો તમને મોટું નુકસાન થાય. મને હજીયે તમારા સેલ્સમેન પર ભરોસો છે. કદાચ તેણે ભૂલથી મને વધુ પડતી ગેરન્ટી આપી હોય. તમે પ્રામાણિક વેપારી તરીકે વધુ કામિયાબ થાઓ એવી શુભેચ્છાઓ. શો-રૂમનો માલિક એ પત્ર વાંચીને ગદ્-ગદ્ થઈ ગયો.! તેણે એ જ રાત્રે પોતાના સેલ્સમેન દ્વારા વધુ કીમતી એક નવી સાડી મોકલી આપીપ.સાથે દિલગીરીના થોડાક શબ્દો પણ ! ગુસ્સો કદી ચમત્કાર ન કરી શકે, નમ્રતા જ ચમત્કાર કરી શકે. કોઈ નફ્ફટ માણસની સામે નફ્ફટ થવાનું સરળ છે ખરું, પણ નફ્ફટ માણસની સામે પણ સજ્જન બની રહેવાનું અશક્ય તો નથી જ ને ! ગુસ્સે થઈને આપણે આપણી એનર્જી વેસ્ટ કરી છીએ, આપણું બ્લડપ્રેશર વધારી છીએ અને એટલું કર્યા પછીયે પોઝિટિવ રિઝલ્ટની ગેરન્ટી તો નથી જ મળતી. સ્વસ્થ રહો - મસ્ત રહો. આભાર : યુ-ટર્ન '' પુસ્તકમાંથી



વૈભવ અને એશ, આરામના ઢગલા કરો,
પરંતુ તંદુરસ્તી તે કરતાં ચઢી જાય છે.

Radisson BLU
RESORT
GOA CAVELOSSIM BEACH

MANDREM BEACH
RESORT

MEMBER OF
RADISSON
Individuals.
RETREATS

Radisson®
GOA CANDOLIM



Mandrem Beach Resort, a 40-room quaint resort offering a unique blend of beachfront and riverfront accommodation, with a set of rooms facing the beachfront and another set of rooms facing the river.



Radisson Blu Resort Goa Cavelossim Beach, features brightly hued architecture and lush gardens has 132 Luxurious Rooms & Suites with 4 restaurants & bars, spa, large swimming pool, fully equipped business facilities and more.



Radisson Goa Candolim, a Boutique Resort with Mediterranean décor and 78 well appointed rooms located on the vibrant Candolim- Calangute beach belt, with 2 restaurants & bars, swimming pool, well equipped business facilities and a lot more.

**Gujarat Sales Office**

610, SILVER RADIANCE 2, Nr. Shakti Arcade, Science City Rd, Sola, Ahmedabad, Gujarat 380060

(M) 9825412359 / 9925912359 / 9099015360 / 8000812359

ALCON • VICTOR GROUP

# CAMPUS COMMERCE EDUCATION

TEACHING WITH VIRTUES...

## 11th • 12th

## CBSE • GSEB

SCORE CARD 2023-24

G.S.E.B. TOPPERS



**JHALAK JAIN**
94.29%
PR -99.88



**HANS GADHECHA**
(NAVKAR 1st RANK )
PR -99.80




**NEIL MEHTA**
(LOYOLA 1st RANK )
PR -99.43



**KHELIN CHHEDA**
(NAVKAR)
PR - 99.34



**MAHEK LEUA**
(MT. CARMEL)
PR - 99.29



**MAHI DEVPURA**
(TERF 1st RANK )
PR - 99.14

» Legacy created every year with SCHOOL,CITY & STATE TOPPERS since 15+ years!

» TEAM WORK of TEACHERS STUDENTS & PARENTS!

» Not just TEACHING! Making future ready PROFESSIONALS & ENTREPRENEURS!

- Significant Improvement in 12th Score compared to 10th score!
- Majority of students scored 80% & more in core subjects!

Result speaks
Endless support
Values & Discipline
Energetic teachers
Real life connect
Overall development
Friendly push



- ACCOUNTANCY
- ECONOMICS
- B.A. / B.S / ETP
- STATS / A. MATHS
- LANGUAGES

KAUSHAL SHAH 9327024093

Navrangpura | Satellite | Bodakdev


Akash (Sagar)
9824041778
Harsh
9978887688
atulyam
Fabric That Shines You
All Kind Of Exclusive Fabrics
Fancy Dress Materials
Luknowi Work
Pure Tissue
Printed Fabrics
Designer Lehenga Choli
Exotic Dupattas
Banarasi Brocade
Work Fabric
Pure Silk Fabric
atulyamfabrics
atulyam.fabrics
kalpfab@hotmail.com
BY :KALP FAB
ATULYAM, L-14, 15, 22, 23,
RATNAM COMPLEX, OPP. ISCON ARCADE,
CG ROAD, AHMEDABAD - 380 006.
Alkeshkumar Kalpeshkumar


Infrasoul
Safety - Security - Automation
JOIN THE AUTOMATION
WAVE WITH
Z WAVE
HOGAR
A COMPLETE SECURITY I IT SOLUTION PROVIDER
079-65 450 909 | 999 897 0909
www.infrasoul.com | www.infrasoul.ae

# D. D. ENTERPRISE

Cellar 1/2/3, Devashray App., Opp. Kothawala Flat,
Pritamnagar Road, Ellisbridge, Ahmedabad - 380 006

**Ph.:- 079 - 2658 5072 , 2658 5092**

E-mail :- ddenterprise2007@rediffmail.com

## -: DISTRIBUTOR :-
Garment, Hosiery & Loungewear

| | |
|---|---|
| Jockey | Paras Hankies |
| Barry & Clark | X-Beyond |
| Lyra Leggings | Stori |
| Sweet Dreams | Be Positive |
| Nykaa | Dare |
| UCF | Curve T-shirts |
| One 8 Socks | Onn |
| Arvind | Killer |

*Best Wishes From*

KARNAVATI SALES CORPORATION MARKETING

## GROUP OF COMPANY

Regd. & Admn Office Address

**KARNAVATI HOUSE**

Beside Hiramani Logistic Park,
Beside Vasundhara Industrial Estate,
Jay Ambe Hotel Lane,
B/h. Ekta Hotel Aslali, Ahmedabad.

M. No. : 9725014536 / 37 / 09 • E-mail : karnavatimktg@gmail.com

## AUTHORISED DISTRIBUTOR FOR

cello

CELLO THERMOWARE
CELLO HOUSEWARE
CELLO APPLIANCES
CELLO MELMOWARE
CELLO OPALWARE

Moulded Furniture cello with DUROPLAST

VAYA

Apex® Successfully & Guaranteed Product

cello KLEENO SWIPE • WIPE • CLEAN

STEELO™

PREMIUM QUALITY. BEST PRICE Sumeet BEST COMPANION

PICASSO™ HOME PRODUCTS

Liza®

Super mom™ mom's loving it ! By Apex®

KOOK® Proven Utility

TEJAS®

sunpet JARS & BOTTLES

**"COMPANION FOR MODERN LIFE"**

(Scan to Check our Work)

# FILMIC PAPARAZZO

Dhrumil Shah
+91 9106657258

E 905 Titanium City Centre (Corporate Offices)
Near Sachin Tower, Prahladnagar - 380051

• Wedding • Pre Wedding • Birthday Party • Baby Shower
• Indoor / Outdoor Maternity Shoot • Corporate Events • LED & LIVE
• Photo Albums & Frames • Video Editing • Photo Editing & Many More...

**EVERYTHING IN PHOTOGRAPHY & VIDEOGRAPHY**



A Place Where People Trust
RAJENDRA
JEWELLERS PVT. LTD.
Gold & Diamond Jewellery
Gold Antique Jewellery
(Govt. Approved Valuer)

6-G FLOOR, 103-1ST FLOOR, NATIONAL PLAZA,
C.G.ROAD, OPP. LAL BUNGLOW,
AHMEDABAD, GUJARAT 380009

MO.. 98250 18891, 98252 18893, 97120 57444
PH.. 26560670/71

CA Yesha Doshi

**Deals in : Home Loan, Car Loan, Mortgage Loan, Construction Loan, Loan Against Property, Business Loan**

# Yesha Doshi
## & Associates

**Also Deals in Book Keeping, GST, TDS Return & Income Tax Return**

G-1, Ashwamegh Avenue, Nr. Mithakhali Under Bridge,
Mithakhali Six Cross Road, Navrangpura, Ahmedabad-380009

9429620317 doshi.financeassociates@gmail.com

DHOLAKIA d STUDIO

# DHOLAKIA STUDIO

B-1, Shivalik Business Center, B/h. Rajpath Club, Opp. Kensville golf academy,
S.G. Road, Ahmedabad-380054 • Ph. +91 79 29091133 / 92274 96961-2-3
Website: www.dholakiastudio.com • contact@dholakiastudio.com

New Attractions
- pre wedding shooting & Photography - indoor & out door
- DSLR video filming - short & long version
- best packages on studio photography - matrimonial - kids & family
- personalized gift items with photos - mug - t shirts - collages - gift cards etc.
- attractive photo frames

- video filming with HD cameras
- digital photography
- live telecast through internet
- documentary film
- commercial video - photography
- photo lamination - framing

- designer album
- old album to new album
- portraits - portfolio
- vhs / min dv / hdv to cd - dvd - blueray

**EVERYTHING IN VIDEO & PHOTOGRAPHY**

Registered under Postal Registration No. GUJ-314/2024-2026 Valid up to 31st December 2026 issued by SSPO's Ahmedabad City Division, Permitted to Post at Ahmedabad PSO on 18th of Every Month

NOVEMBER - 2024 Page No. 44 R.N.I. No. GUJGUJ/2004/14264 Reg. No. GUJ-314/ 2024-2026

વિશ્વની નંબર ૧ રોબોટિક જોઈન્ટ રિપ્લેસમેન્ટ ટેકનોલોજી હવે કે. ડી. હોસ્પિટલ માં

કુશળ હાથો દ્વારા રોબોટિક્સ
ટેકનોલોજીનો અનુભવ કરો



ડૉ. અમીર સંઘવી
ની એન્ડ હિપ રિપ્લેસમેન્ટ એન્ડ માઈક્રોપ્લાસ્ટી સર્જન
જોઈન્ટ રીપ્લેસમેન્ટમાં ફેલોશીપસ : ઓસ્ટ્રેલિયા, યુ.કે., ઈટલી અને યુ.એસ.એ.
+91 98250 66013

ડૉ. અતીત શર્મા
ની હિપ એન્ડ શોલ્ડર રિપ્લેસમેન્ટ સર્જન
+91 98240 61766

ડૉ. ચિરાગ પટેલ
ની એન્ડ હિપ રિપ્લેસમેન્ટ સર્જન
+91 98250 24473

ડૉ. હેમાંગ અંબાની
ની રિપ્લેસમેન્ટ સર્જન
+91 98250 20120




અપોઈન્ટમેન્ટ માટે સંપર્ક કરો : +91 95744 45559

KD Hospital™
કુસુમ ધીરજલાલ હોસ્પિટલ

Shree Orthocare
Strength in Togetherness

www.kdhospital.co.in KDHospitalOfficial KD Hospital kdhospitalofficial

Vaishnodevi Circle, SG Road, Ahmedabad - 382421, Call : +91 98240 33360

પ્રેષક : If undelivered to return to Reg. No. GUJ-314/ 2024-2026 Valid up to 31-12-2026

**શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ**
“શાન્તમ્”, પાંચમો માળ, હેવમોર
રેસ્ટોરન્ટની ગલીમાં, નવરંગપુરા,
અમદાવાદ-૯. ફોન : ૦૭૯-૪૯૩૮ ૮૭૮૮

પ્રતિ શ્રી, ______________________

Printed and Published AJAY NAGINDAS DOSHI on behalf of SHRI ZALAWAD VISHA SHRIMALI STHANAKWASI JAIN SAMAJ and Printed Jay Offset (Gujarat) Private Limited, 15, Panchratna Industrial Estate, Sarkhej Bavla Highway, Changodar, Ahmedabad - 382 213 and Published from "SHANTAM", 5'th Floor, Near Havmore Restaurant, Navrangpura, Ahmedabad - 380 009. Editor - PRITIBEN NARENDRABHAI SHAH